પ્રકરણ ૧ લું.

શ્રી ગણેશાય નમઃ

સમયાનુસારિણી ગુરૂકુલશિક્ષા

અવ્યુત્પન્ન ચાતુર્વર્ણ્ય પ્રજા માટે

પીઠિકા.

હાલમાં ગુરૂકુલની શિક્ષા નષ્ટ થઇ છે; ગૃહશિક્ષા પણ નષ્ટ થઇ છે. કેમકે માતાપિતાને કોઇ પણ પ્રકારની શિક્ષા મળી હોય તો તેના પોતાના વર્તનથીજ પુત્રાદિકોને શિક્ષા મળે છે. જ્યારે માતાપિતા પોતેજ અશિક્ષિત છે તો તેમની પ્રજા પણ અશિક્ષિત થાય એ સ્પષ્ટજ છે. હિંદુધર્મશાસ્ત્રની મર્યાદા એવી છે કે ત્રૈવર્ણિક (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) બાળકોને ઉપનય થતાં સુધી કામવાદ, કામાચાર, અને કામભક્ષનો વાંધો નથી. એટલે કે બાળક રમત ગમતમાં ગમે તેમ બોલે, ગમે તે ઠેકાણે વિચરે, ગમે તે વખત ખાય, તેમાં બાધ નથી; પણ ઉપનયન થયા પછી એ તમામ સ્વચ્છંદ વ્યવહાર બંધ કરવાનો છે. એટલે કે બોલવાનું, વિચરવાનું, અને ખાવા પીવા વગેરે બધું અમુક નિયમો પ્રમાણેજ કરવાનું છે. ઉપનયન થયા પછી માતાપિતા ગુરૂ, વૃદ્ધાદિ પાસે મર્યાદા પ્રમાણે બોલવાની શિક્ષા અપાય છે; તેમ વિદ્યાધ્યયનમાં નિયમિત વખત રોકવો પડે છે, તેથી મરજી પ્રમાણે વિચરાય નહીં. સ્નાન સંધ્યાદિ કર્યા વિના અને સોળો થયા સિવાય જમાય નહીં વગેરે શિક્ષા આપવામાં આવે છે તે શિક્ષા તેને ગુરૂ કુલમાં મળે છે. મનુમાં લખ્યું છે કે "શૌચા-

चारांश्चशिक्षयेत्'' શિષ્યને ઉપનયન સંસ્કાર કરીને ગુરૂએ વિદ્યાભ્યાસ કરાવવો અને શૌચાચારનું પણ શિક્ષણ આપવું. પરંતુ હાલમાં એ પરંપરા બિલકુલ રહી નથી. છોકરાઓ માબાપ પાસે ઘરમાં મોટા થાય છે, માબાપના કંઈક અજ્ઞાનથી, કંઈક વ્યવસાયથી, કંઈક બેદરકારીથી, અને ક્વચિત્ લાડને લીધે છોકરાઓને ઉપનયન થયા પછી પણ મરજી પ્રમાણે વર્તવા દેવામાં આવે છે. પરંતુ કોઇને શૌચાચારની શિક્ષા દેવામાં આવતી નથી, તેમજ અપકૃત્યમાંથી વારવામાં આવતા નથી. મહોલ્લામાં બાળકોની સાથે લડવાડ, અપશબ્દો, કુચેષ્ટા, ધૂળ વગેરેમાં રમવુ ઇત્યાદિ બાબતો વિષે છોકરો હજુ બાળક છે એમ માની માબાપો તેને વારતા નથી આ પ્રમાણે માબાપો તરફથી ગૃહશિક્ષા મળતી નથી તેમ ગુરૂકુલશિક્ષાની પરંપરા તો જમાનાને લઇને તદ્દન નષ્ટ થઇ છે, તેમ તે મળવાનું કંઈ પણ સાધન નથી. તેથીજ હાલનું બધું અનિષ્ટ પરિણામ આવેલું છે, માટે અવ્યુત્પન્ન બાળકોને ઉદ્દેશીને આચાર્યાનુશાસન એ નામની આ શિક્ષણપદ્ધતિ લખવામા આવી છે.

ઉપોદ્ઘાત.

શિક્ષા (ઉપદેશ) મળવાનાં સ્થાન ચાર છે (૧) શાસ્ત્ર, (૨) આચાર, (૩) રાજા, અને (૪) ગૃહ. આ ચાર પૈકી ગૃહમાં તો કંઇ પણ શિક્ષણ મળતું નથી એમ કહેવાઈ ગયું છે; રાજા પાસેથી શિક્ષણ લેવાનું સમયને લઇને પ્રતિકૂળ છે. અને આચાર એ શાસ્ત્રનોજ ભાગ છે. એ શાસ્ત્ર ચાર પ્રકારનાં છે. ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, (આ ત્રણ શાસ્ત્ર મળીને ત્રિવર્ગ કહેવાય છે) અને ચોથું મોક્ષશાસ્ત્ર.

ધર્મશાસ્ત્રમાં ત્રણ ભાગ છેઃ—(૧) આચાર ભાગ, (૨) વ્યવહાર ભાગ, (૩) પ્રાયશ્ચિત ભાગ; આ ત્રણ-માંથી આ પુસ્તકમાં માત્ર આચાર ભાગ વિષેજ લખવામાં આવશે.

આચાર—એટલે ધર્માધર્મનો જેમાં ઉપદેશ છે એનું નામ આચાર ભાગ. ધર્મ,—કર્મ,—અદૃષ્ટ અને અપૂર્વ એ ચાર શબ્દોનો અર્થ એકજ છે.

ત્યારે પ્રથમ તો આપણે જાણવું જોઇએ કે ધર્મ એટલે શું ? લિંગપુરાણમાં અધ્યાય ૧૦મામાં ૧૧–૧૨ અને ૧૩ મા શ્લોકમા તે વિષે કહ્યું છે કેઃ—

લોકમાં ધર્મ અને અધર્મ એ બે શબ્દો ક્રિયાવાચક છે. (૧૧) કુશળ અને અકુશળ એવી ક્રિયાનાં નામ ધર્મ અને અધર્મ કહેવાય છે. આ, ધર્મ શબ્દ મોટામાં મોટો અને ધારણ રૂપ–રક્ષણ–અર્થનો વાચક છે. (૧૨) અરક્ષણ ધારણ રૂપ ક્રિયાથી એ ધર્મ શબ્દનું મહત્ત્વ ઘટી જાય છે. તેથી તે અધર્મ કહેવાય છે; અહીં આચાર્યો સુખને પ્રાપ્ત કરાવનારી ક્રિયા એ ધર્મ છે એવો ઉપદેશ કરે છે. (૧૩).

એજ પ્રમાણે દુઃખ રૂપ ફળ આપનારી જે ક્રિયા તેનું નામ અધર્મ છે એમ આચાર્યો ઉપદેશ કરે છે.

ત્યારે સુખ પ્રાપ્ત કરાવનાર ક્રિયા જે ધર્મ તેનો ઉપ-દેશ કરનાર જે આચાર્ય તે કેવા હોવા જોઇએ ?. તે વિષે લિંગપુરાણમાં અધ્યાય ૧૦ મામાં ૧૪–૧૫ શ્લોકમાં લખ્યું છે કે વૃદ્ધ (એટલે કે વિદ્યાવૃદ્ધ, તપોવૃદ્ધ, વયો-વૃદ્ધ, આશ્રમવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, જાતિવૃદ્ધ એ સર્વ છ પ્રકારે પુર્ણાંશે જે વૃદ્ધ હોય તેવા) અલોલુપ (એટલે કે જેનામાં વિષય લંપટતા બિલકુલ નથી તેવા), કાર્યાકાર્યને જાણ-

નારા, અદાંભિક (એટલે કે લોકોને માત્ર દેખાડવા સારૂજ ધર્મનો ડોળ ન કરતા હોય તેવા) નમ્ર અને કુટિલતા રહિત હોય તે આચાર્ય કહેવાય છે. તેમજ શાસ્ત્રવિધિ પ્રમાણે પોતે વર્તન રાખે અને બીજાને તે પ્રમાણે વર્તાવે, વળી શાસ્ત્રનો અર્થ શંસય અને વિપર્યાસ રહિત બીજાને વિસ્તારથી સમજાવી શકે તે આચાર્ય કહેવાય છે.

આવા આવા ગુણોવાળા આચાર્યો શાસ્ત્ર પ્રમાણથી જે કર્તવ્યનો ઉપદેશ કરે એનું નામ ધર્મ; અકર્તવ્યનો ઉપદેશ કરે તેનું નામ અધર્મ. અર્થાત્ જેનું અનુષ્ઠાન કરવાથી સર્વ જગત્‌ને અને અનુષ્ઠાન કરનારને પોતાને અધ્યાત્મ, અધિભૂત, અને અધિદેવ એવાં ત્રણ પ્રકારનાં દુઃખથી બચાવી આ લોક અને પરલોકનાં સર્વ સુખની પ્રાપ્તિ કરાવી આપનારી જે ક્રિયા તેનું નામ ધર્મ.

(ઉપર કહેલાં ત્રણ પ્રકારનાં દુઃખની સમજુતી નીચે પ્રમાણે):—

અધ્યાત્મ દુઃખ—આધિ, વ્યાધિ, ભય, શોકાદિથી શારીરિક દુઃખ થાય છે તે.

આધિભોતિક દુઃખઃ—ચોર, વ્યાઘ્ર, પરરાજ્ય, મૂષક, તીડ, કંટકાદિથી જે દુઃખ થાય છે તે.

આધિ દૈવિકઃ—અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અતિશીત, અતિતાપ, અચિકિત્સક રોગાદિ (પ્લેગ વગેરે)થી દુઃખ થાય છે તે.

આ ત્રણ પ્રકારનાં દુઃખનો નાશ કરનારી ક્રિયા તે ધર્મ, અને જે ક્રિયા કરવાથી ઉપર લખેલ ત્રિવિધ દુઃખો પ્રાપ્ત થાય છે તેનું નામ અધર્મ.

ધર્મશાસ્ત્ર પછીનું બીજું શાસ્ત્ર અર્થશાસ્ત્ર છે. છવિદ્યા

માગનું સાધન એનું નામ અર્થશાસ્ત્ર (અર્થરૂપ પુરૂષાર્થ કહેવાય છે.) દંડનીતિ ઇત્યાદિકનો સમાવેશ પણ અર્થ શાસ્ત્રમાંજ થાય છે. અનેકવિધ રાજકીય, વ્યવહારનું જ્ઞાન, અનેક લિપિ, અક્ષર, અને અનેક ભાષાજ્ઞાન, અનેકવિધ શિલ્પજ્ઞાન, મહાયંત્રનિર્માણ, આકરજ્ઞાન (સોનું, રૂપું વગેરે ખનિજ પદાર્થ શોધવાનું જ્ઞાન) ચિત્રપટનિર્માણ, અનેક શસ્ત્રયોગ, અનેક વિધવાદ્ય, અનેકવિધગ ધમાલ્યાદિ-નિર્માણ મહાહર્મ્યગોપુરાદિનિર્માણ ઇત્યાદિ* અને જીવિકોપાર્જનનું જ્ઞાન એ સર્વ અર્થશાસ્ત્રમાં છે.

ત્રીજું શાસ્ત્ર કામશાસ્ત્ર છે. કામસુખ સાધન, નાયકા નિરૂપણ, સાધ્યાસાધ્યસ્ત્રીલક્ષણ ઇત્યાદિ અનેક બાબતો તેમાં કહેલી છે. શાસ્ત્રોમાં આવું આવું બિભત્સ લખેલું છે એમ આધુનિકો આક્ષેપ મૂકે છે તે ભૂલ છે કેમકે તેનો હેતુ બિભત્સાચરણ શીખવવાનો નથી. પરંતુ એ કામસુખની અનિયંત્રતા દેખાડવા માટે છે.

ચોથું શાસ્ત્ર મોક્ષશાસ્ત્ર છે. જન્મમરણલક્ષણ સંસારદુઃખ મટી જઇ નિત્ય પરમાનંદ સુખરૂપ સ્વરૂપાવસ્થા, પ્રાપ્ત કરવાનું સાધન એ બધું મોક્ષ શાસ્ત્રમાં કહેલું છે.

સવિશેષ વિવેચનઃ—આ વિષયો સંબંધે આટલી વિગતથી અહીં લખવાનું પ્રયોજન એ છે કે એ ચારે ભિન્ન પ્રસ્થાન છતાં હાલના વિદ્વાનો તેમને સેળભેળ કરી આપણાં પ્રાચિન શાસ્ત્રો ઉપર દૂષણારોપ કરવા મંડી

---

* આ સર્વ કળાઓ આપણામાં નહોતી એમ ધારવામાં નવશિક્ષિત યુવાનો ભૂલ કરે છે, કેમકે મનુ, યાજ્ઞવલ્ક્યાદિ સ્મૃતિઓમાંથી મળી આવે છે કે महायंत्रनिर्वर्तनमाकरेष्वाधिकारता ઇત્યાદિ ઇત્યાદિ.

પડ્યા છે. જેમકે વિધવા વિવાહ, ઈત્યાદિ કામશાસ્ત્રનો વિષય છે તે તેઓ ધર્મશાસ્ત્રમાં ગણી કામશાસ્ત્રમાંના લખાણોમાંથી તેમના સમર્થન માટે આધાર આપે છે અને એ પ્રમાણે ધર્મશાસ્ત્ર અને કામશાસ્ત્રને સેળભેળ કરી દે છે.

તેમજ પરદેશગમન, નિષિદ્ધ ક્રયવિક્રય, આંગ્લ વૈદક, ઇન્જીનીઅરીંગ ઈત્યાદિ ઉપર દર્શાવેલ અર્થશાસ્ત્રના વિષયો ધર્મશાસ્ત્રમાં દાખલ કરી ધર્મશાસ્ત્રને દૂષણ આરોપે છે.

તેવીજ રીતે મોક્ષશાસ્ત્રમાં મોક્ષના પ્રતિબંધી સ્ત્રી ધનાદિકની નિંદા લખેલી છે તેને ઉદ્દેશીને કહે છે કે શાસ્ત્રમાં સ્ત્રીઓની બહુ નિંદા કરી છે વગેરે વગેરે. આ બાબતનો ખુલાસો સ્ત્રીઅધિકારનિર્ણયમાં કરેલો છે.

આવી રીતે શાસ્ત્રોને સેળભેળ કરી દેવાથી લખાણો વિરોધાભાસી દેખાય છે; તેમજ આ વાત લક્ષમાં રાખ્યા વિનાનાં ભાષણો થાય છે તેથી પ્રજાની પ્રતારણા થાય છે.

અનિયંત્રિત અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્ર એ બેને ધર્મશાસ્ત્ર અંકુશમાં રાખે છે. એ ત્રણે શાસ્ત્રોનો સમૂહ ત્રિવર્ગ કહેવાય છે. પહેલાં બે ત્રીજાનું ઉલ્લંઘન કરવા જાય છે પરંતુ अर्थशास्त्राद्धर्मशास्त्रो बलवान् એ ન્યાયે ધર્મશાસ્ત્ર એ બન્નેને કાબુમાં રાખે છે. એવું બળવાન ધર્મશાસ્ત્ર ન હોત તો જગતનો વ્યવહાર નષ્ટ થઈ જાત. દૃષ્ટાંત તરીકે વિવાહાદિ નિયમો ધર્મશાસ્ત્રીય ન હોત તો પશુઓમાં કોઈ પણ પ્રકારના ભેદ વિનાનો વ્યવહાર જોવામાં આવે છે. તેવોજ આપણામાં પણ થાત. તે કેટલે દરજ્જે ઇષ્ટ છે તે દરેક વાચક સમજી શકશે.

કેટલાએક પ્રચ્છન્ન ચાર્વાકોનું કહેવું એમ છે કે વર્ણાશ્રમભેદસૃષ્ટિઆદિથી હતોજ નહીં. ગુણકર્મથી જાતિભેદ થાય છે માટે સર્વ મનુષ્યનો અંદર વિવાહ ભોજનાદિ વ્યવહાર થવામાં હરકત નથી જો એમ હોય તો પછી માબાપ, પુત્રી, બેન, અને પત્ની ઇત્યાદિ ભેદ રાખવો જોઇતો નથી. છતાં એ ભેદ તો તેઓ રાખે છે, અને જાતિભેદ ગુણ કર્મથીજ છે એમ કહી. અબુદ્ધ પ્રજાને વટલાવે છે. માટે કહેવાની મતલબ એ છે કે એવા પ્રચ્છન્ન ચાર્વાકોનાં પુસ્તકો વાંચવાં નહીં. કેમકે નહીંતો એવા અયોગ્ય સંસ્કાર મનમાં બેસી જાય. માટે તેનાથી દૂરજ રહેવું.

નવ શિક્ષિતોમાં ત્રણ વર્ગ છે, પ્રચ્છન્ન ચાર્વાક, અર્ધચાર્વાક, અને પ્રત્યક્ષચાર્વાક. તે સર્વનું કહેવું એમ છે કે દેશની અવનતિનાં મુખ્ય કારણો જાતિભેદ અને ધર્મભેદ છે. આમ કહી તેઓ સ્વચ્છંદે વર્તે છે. અને બીજાઓને તેમ વર્તાવાનો પ્રયત્ન કરે છે. અને તેમના મતને અનુસરનારાં કેટલાક મહારાજ્ય અને અવાંતર રાજ્યધુરંધરોએ એની રૂએ બ્રાહ્મણાદિકને અંત્યજોદિકોની સાથે પરસ્પર વ્યવહાર ઐકય થાય એવા માર્ગ લે છે એ અત્યંત શોચનીય છે; અને તે રાજ્યધર્મથી વિરૂદ્ધ છે.

જે મનુષ્યો જીવિકા અર્થે આ પ્રમાણે વટલે છે તેમણે એટલું સમજવું જોઇએ કે કાગડા કુતરાં પણ પોતાનું પેટ ભરી શકે છે તો સર્વ સાધન સંપન્ન બુદ્ધિજીવી મનુષ્યો શું પોતાનું પેટ નહીં ભરી શકે ? જીવિકા અર્થે ભ્રષ્ટ થવું એ મનુષ્યત્વ ન કહેવાય.

ધર્મભેદ અને જાતિભેદ એ દેશની અવનતિનાં કારણો

એવું ભૂત આજના શિક્ષિત વર્ગમાં ભરાઈ ગયું છે; પરંતુ જેઓ વિવિધ દેશના ઈતિહાસોથી વાકેફ છે તેઓ જાણે છે કે ધાર્મિકવૃત્તિ. ક્ષાત્રવૃત્તિ, અને વૈશ્યવૃત્તિ એ ત્રણનું પરિપૂર્ણ જ્ઞાન, તેનો પ્રયોગ અને એ ત્રણેની એકતા એજ ખરેખરાં દેશોન્નતિનાં સાધનો છે.

આ ઉપરથી જણાશે કે સ્વધર્મ, સ્વભાષા, સ્વજાતિ અને સ્વોદ્યોગનો નાશ કરવો એ સ્વદેશની અધોગતિનાં અનુભવ સિદ્ધ સાધનો છે; માટે તેનો નાશ થાય તેવું કંઇ પણ કરવું નહીં.

યથાધિકાર વર્ણભેદ અને તદનુસાર ધર્મભેદ ભૂતકાળમાં હતો છતાં ભારતવર્ષ સર્વૈશ્વર્યે સંપન્ન હતું તે હરકોઇ જાણે છે; છેક આધુનિક કાળમાં પણ શ્રી છત્રપતિ શિવાજી માહારાજે તેવા વર્ણભેદ અને ધર્મભેદ હોવા છતાં રાજૈશ્વર્ય સંપાદન કર્યું. હાલ પણ કેટલીક પ્રજાઓમા આવા ભેદ છતાં રાજૈશ્વર્ય ભોગવે છે; પણ તેઓમાં વૈશ્યવૃત્તિ, ક્ષાત્રવૃત્તિ, અને ધાર્મિકવૃત્તિનું સપ્રયોગ પરિપૂર્ણ જ્ઞાન પ્રત્યક્ષ દેખાય છે. તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે એ ચારે દેશોન્નતિનાં મુખ્ય સાધનો છે. આ ઉપરથી નવ શિક્ષિત વિદ્વદ્ વર્ગની ફરજ એ છે કે એ ચારે સાધનનું પરિપૂર્ણ જ્ઞાન અને પ્રયોગ લોકોમા થાય એવો પ્રયત્ન અત્યંત આત્મ સમર્પણ પૂર્વક કરવો અને કરાવવો.

સ્વરાજ્ય એટલે શું ? સ્વરાજ્ય મળવા ભાષા માત્રથી ઉદ્દઘોષ કરનારાઓએ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવો જોઇએ કે સ્વરાજ્ય એ શું વસ્તુ છે ? આપણા સામાજીક નિયમનું ઉલ્લંઘન કરનારને સમાજના અગ્રેસરો સ્વેચ્છા પ્રમાણે શિક્ષા કરી શકે છે, તે શિક્ષા આનાકાની કર્યા

કિના ભોગવવી પડે છે. જ્ઞાતિ બહાર કે દંડ ઈત્યાદિ હુકમ કરવાને નથી પડતી જરૂર હાઇકોર્ટની, નથી જોઇતા સ્ટામ્પના પૈસા, કે નથી ઘર ભરવાં પડતાં વકીલ બારિસ્ટરોનાં, મતલબ કે આવા પ્રકારનું સ્વરાજ્ય આપણે ત્યાં ધર્માનુસાર છે, પરંતુ તેનો દુરૂપયોગ થવાથી પ્રજા કંટાળીને તે સ્વરાજ્ય સત્તાનો નાશ કરવા ઈચ્છેછે, તો પોતપોતાના સામાજીક નિયમોનો સુધારેલી ઢબથી એક નિબંધ બાંધી તદનુસાર ઈનસાફ કરનાર નિષ્પક્ષપાતી પંચ નીમી ઇનસાફ આપવાની વ્યવસ્થા થાય તો પ્રજા સ્વરાજ્ય વ્યવહાર શીખશે અને એકતા શીખશે. દેશનો પૈસો કોરટોમાં ખુવાર થતો અટકશે અને તે બીજાં અનેક સારાં કાર્યોમાં વપરાઈ શકસે. માટે તે પ્રકારની વ્યવસ્થા કરવાને પ્રયત્ન થવા જરૂર છે. એ ધાર્મિક સ્વરાજ્યમાંજ મહારાજ્યનો સમાવેશ થાય છે. તેનું એકજ દૃષ્ટાંત બસ થશે કે પાદશાહના પટ્ટાભિષેક વખત ધર્મ ન બદલવાની પ્રતિજ્ઞા લેવાય તોજ માહારાજ્યનો પટ્ટાભિષેક થઈ શકે. એ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે કે ધાર્મિક સ્વરાજ્યમાંજ મહારાજ્યનો અંતર્ભાવ છે. અર્થાત્ ધાર્મિક સ્વરાજ્યનો નિષ્પક્ષપાત અને નિયમસર અમલ થાય તેવો પ્રયત્ન કરવો.

ભારત વર્ષમાં અનેક ધર્મ અને અનેક પંથ હોવાથી ધાર્મિક સ્વરાજ્યનો યથાવત અમલ થઈ શકે નહીં એ બ્હાનાંથી રાજકીયશાળામાં ધાર્મિક શિક્ષણ અપાતું નથી તે ભુલ ભરેલું છે.

ધર્મ એ મનુષ્ય માત્રની ફરજીઆત ક્રિયા સૃષ્ટિ આદિથી ચાલી આવેલી છે. તે ક્રિયા વર્ણાશ્રમ ભેદથી કંઇ કમી જ્યાદા કરવાની છે એટલોજ તેમાં ભેદ છે. પણ

ધર્મના સ્વરૂપમાં અને તેના ફળમાં કાંઇ ભેદ નથી—દ્રષ્ટાંત તરીકે શૂદ્રોએ અગ્નિહોત્રાદિક ક્રિયા કરવી નહીં પણ અવિરૂદ્ધ સ્નાતકવ્રત અને નામ મંત્રથી પંચ મહાયજ્ઞ પર્યંત કર્મ કરે તો બસ છે. બ્રાહ્મણને તો અગ્નિહોત્રથી બૃહસ્પતિસવ પર્યંત કર્મકાંડ કરવું જોઇએ પરંતુ તેથી એ બન્નેને સ્વર્ગ કંઈ જૂદાં નથી. ફળતો એકનું એકજ છે. માત્ર બ્રાહ્મણોને કેટલુંક વધારે કરવું પડે છે અને શૂદ્રોને ઓછું કરવાથી પણ તેજ ફળ પ્રાપ્ત થાય છે. આનું નામજ શાસ્ત્રના અધિકાર ભેદ. નહીં કે બ્રાહ્મણો તરફ પક્ષપાત કરેલો છે અને શૂદ્રોને નીચા ગણ્યા છે.

આ અધિકાર તત્ત્વ સમજાયું હોતું નથી તેથી શાસ્ત્રોમાં તો શૂદ્રોનો તિરસ્કાર કરેલો છે તેમને અનધિકારી ઠરાવેલા છે વગેરે કુતર્ક દુર્વાદ આધુનિકો ઉપસ્થિત કરી ઐક્યનો ભંગ કરે છે અને પોતે ઐક્ય કરાવનારા છે એમ પ્રજા પાસે જાહેર કરે છે તેથી બાળકોએ ભૂલ ખાવાની નથી.

શાસ્ત્રનું તાત્પર્ય માત્ર એટલુંજ છે કે જે ફળ બ્રાહ્મણોને મહાપ્રયાસે મળે છે તેજ ફળ શદ્રોને અલ્પાયાસે પ્રાપ્ત થાય છે માટે તેમણે મહાપ્રયાસમાં પડવું નહીં આથી કંઈ શદ્રોનો તિરસ્કાર કરેલો નથી. તેમ કંઈ તેથી તેના ઉપર જૂલમ થતો નથી. માત્ર અનભિજ્ઞ લોકો ખોટું સમજાવી પ્રજામાં વૈમનસ્ય પ્રસાર કરે છે તે અટકાવવાનો પ્રયત્ન કરવો.

અથ આચાર્યાનુશાસનાવતરણિકા.

ગુરૂએ શિષ્યોને ધર્મ અધર્માદિનો ઉપદેશ કરવો

જોઇએ એમ વેદમાં કહ્યું છે. તૈતરીય વેદમાં લખ્યું છે કે वेदमधित्याचार्योन्तेवासिन मनुष्यास्ति सत्यं वद धर्मं चर इत्यादि. વેદ ભણીને સમાવર્તન સંસ્કાર કરીને શિષ્ય ગુરૂની આજ્ઞા લઇને ઘેર જાય છે ત્યારે આચાર્ય શિષ્યને નિત્ય પાલવાના ધર્મનો ઉપદેશ કરે છે. સત્ય બોલવું અને ધર્મ પ્રમાણે વર્તવું વગેરે. સત્ય બોલવું અને ધર્મ પ્રમાણે વર્તવું એ તેનું સ્વરૂપ જાણ્યા વિના થઇ શકે નહીં માટે અવ્યુત્પન્ન બાળકોના હિતાર્થે ધર્માધર્મનો એટલે હેય (ત્યાજ્ય) ઉપાદેય (ગ્રાહ્ય)નો બોધ કરવા સારૂ સંક્ષેપમાં કર્તવ્ય અને અકર્તવ્યનુ વિવેચન લખીએ છીએ.

એ કર્તવ્ય અને અકર્તવ્યના કાયિક, વાચિક, અને માનસિક એ પ્રકારના ત્રણ ભેદ મનુ ભગવાને કહેલા છે. વળી કાયિકાદિ એકએકનો પણ આવાંતર ભેદ મનુ ભગવાને કહેલો છે. તે નીચે પ્રમાણે છેઃ—

अदत्तानामुपादनं हिंसाचैवाविधानतः
परदारोपसेवा च कायिकं त्रिविधं स्मृतम् ।
पारूष्यमनृतं चैव पैशून्यं चैव सर्वशः
असंबद्धप्रलापश्च वाचिकं स्याच्चतुर्विधम् ।
परानिष्टानुचिन्तनं। वितथाभिनिवेषश्च मानसं त्रिविधं स्मृतम्।

કાયિક (૩) વાચિક (૪) માનસિક (૩) એ પ્રકારે દશ પ્રતિષિદ્ધ કર્મ મનુ ભગવાને લખ્યાં છે. બાકી બધાં પ્રતિષિદ્ધ કર્મ એ દશમાં અન્તર્ભાવ છે એમ મનુ ભગવાનનો અભિપ્રાય હોવો જોઇએ.

બીજી સ્મૃતિઓમાં દશથી અધિક પણ પ્રતિષિદ્ધ

કર્મો લખ્યાં છે. ઘણીખરી સ્મૃતિ અને મહાભારતાદિમાંથી સંગ્રહભૂત સંક્ષેપ વિવેચન કાયિક વાચિક માનસિક વિહિત પ્રતિષિદ્ધ કર્મના સ્ફુટીકરણ સાથે આચાર્યાનુશાસન નામના આ શિક્ષા ગ્રન્થમાં લખ્યું છે. મૂળ વાકય લખવાથી ગ્રન્થ વધી જાય માટે લખ્યું નથી. એ ત્રિવિધ પ્રતિષિદ્ધ કર્મના ફળ બાબત મનુ ભગવાન લખે છે કે.

कायिकै कर्मदोषैस्तु याति स्थावरतां नरः ।
वाचिकैः पक्षिमृगतां मानसैरन्त्य जातितां ॥

અર્થાત જે કાયિક પ્રતિષિદ્ધ કર્મ આ ગ્રન્થમાં લખવામાં આવ્યું છે તેવાં કર્મ કરનારા મનુષ્ય બીજા જન્મમાં સ્થાવર યોનિને પ્રાપ્ત થાય છે. વાચિક (પાપ) કર્મ કરનારા પક્ષિ તથા મૃગાદિ યોનિને પ્રાપ્ત થાય છે. અને માનસિક પાપ કરનારાઓ ચાંડાળ યોનિને પ્રાપ્ત થાય છે. એવી સ્થાવરાદિ યોનિની પ્રાપ્તિથી બચવાની જેની ઇચ્છા હોય તેઓએ આ પુસ્તકમાં લખેલા વિહિત અને પ્રતિષિદ્ધ કર્મને યથાવત્ સમજી પ્રતિષિદ્ધ કર્મનો ત્યાગ કરવો અને વિહિત કર્મ પ્રમાણે વર્તન રાખવું. તે પ્રમાણે વર્તવાથી આ લોક પરલોકનાં સર્વ સુખ પ્રાપ્ત થશે. એજ આશિર્વાદ.

स्वस्ति मजाभ्यः स्वस्तिराजभ्यः स्वस्ति पशुभ्यः
सुखिनो भवन्तु ॥

ઇતિ સંબંધપ્રકરણ સમાપ્ત.

પ્રકરણ બીજું.

અથ પ્રતિષિદ્ધ કાયિક કર્માનુશાસન.

શાસ્ત્રથી નિષેદ્ધ કરેલાં એવાં કાયાવડે ન કરવાનાં કર્મનો ઉપદેશ

૧. ચોરી કરવી નહીં.

ચોરી એટલે માલીકોએ આપ્યા સિવાય તેમને પૂછ્યા સિવાય છાની રીતે કોઇ પણ વસ્તુ લેવી તે. તે પછી ગમે તેવી હલકી કિમતની અને નજીવી હોય તે જેવી કે બગીચામાંથી વૃક્ષલતાઓનાં પુષ્પ અગર ફલ વગેરે દેવપૂજાના કામમાં વાપરવા સારૂ છાનાં લેવાં અગર કોઇના ખેતરમાંથી ઘાસ કાપી લાવવું. આંબા વગેરે ઝાડનાં ફલ તોડી લેવાં. રસ્તે જતાં ધાન્યના ખેતરમાંથી ડુંડાં તોડી લેવાં. અડદ મગ વીગેરેની શીંગો તોડવી, બાળવાનાં લાકડાં કાપવાં વીગેરે કાર્ય કરવામાં ચોરી થતી નથી એવી સમજથી ઘણા અજ્ઞ લોકો એવાં કાર્યો કરે છે. પણ સર્વેએ જાણવું જોઇએ કે વૃક્ષલતાદિકના પુષ્પો વગેરે કોઇની માલિકીનાં હોય ને તેની રજા સિવાય લેવાં તે ચોરી છે. ખાતર પાડી ચોરી કરવી અગર મોટી કિંમતી વસ્તુ છાનેમાને લઇ જવી તેનુંજ નામ ચોરી છે એમ સમજવું નહીં. કોઇ પણ વસ્તુ માલીકે આપ્યા સિવાય અગર તેના જાણ્યા શિવાય લેવી તે પણ ચોરી છે.

૨. પ્રાણીહિંસા કરવી નહીં.

આપણાં પવિત્ર શાસ્ત્રો પ્રમાણે હિંસા ચોરાશી પ્રકારની છે. લોક રક્ષા અગર આત્મ રક્ષાના પ્રયોજન

તિના વૃક્ષનાં પાંદડાં, અગર દુર્વા, દર્ભ કે દાતણ વીગેરે તોડવાં એ પણ હિંસા છે.

પ્રાણુવન્ત દેહની હિંસામાં જે જીવો અસ્થિવાળા છે (જેને હાડકાં છે) અને જે જીવોને અસ્થિ નથી તેની હિંસા કરવામાં પાપની ન્યૂનાધિકતા (પાપ ઓછું કે વધારે) શાસ્ત્રમાં લખેલી છે.

હિંસાના ચોરાશી પ્રકારના ભેદ યોગશાસ્ત્રમાં અહિંસા નામક યમના વ્યાખ્યાનમાં દર્શાવેલા છે, તે ત્યાંથી સવિસ્તર જાણવા. અહીં તો માત્ર મુખ્ય પાંચ ભેદ બતાવીશું.

(૧) દેશપરિછિન્ન અહિંસા. (૨) કાળપરિછિન્ન અહિંસા (૩) જાતિપરિછિન્ન અહિંસા (૪) સમયપરિછિન્ન અહિંસા (૫) અપરિછિન્ન અહિંસા.

(૧) દેશપરિછિન્ન અહિંસા.

એટલે અમુક પ્રદેશમાં હિંસા નહિ કરવાનો નિયમ કરવો તે; જેમકે કાશી વિગેરે જેવા પવિત્ર ક્ષેત્રમાં કોઇ પણ પ્રાણીની હિંસા હું કરીશ નહિ એવો સંકલ્પ કરી તે પ્રમાણે વર્તવાનો નિયમ લેવો અને તે મુજબ વર્તન કરવું તેનું નામ દેશપરિછિન્ન અહિંસા છે.

(૨) કાળપરિછિન્ન અહિંસા.

અમુક દિવસોએ હું હિંસા કરીશ નહિ એવો નિયમ લેવો તે કાળ પરિછિન્ન અહિંસા કહેવાય છે. ચૌદશ—અગીયારસ, વ્યતિપાત વિગેરે પુણ્યકાળમાં કોઇપણ પ્રાણની હિંસા નહિ કરવા સંકલ્પ કરીને પાળવો તેનું નામ કાળપરિછિન્ન અહિંસા કહેવાય છે. એજ કારણથી એકાદશી—અમાસ વિગેરે પુણ્ય તિથિઓના રોજ સલાટ, સુતાર, ખેડુતો વિગેરે અણોજા પાળે છે.

(૩) જાતિપરિછિન્ન અહિંસા:–

બ્રાહ્મણ, ગાય વિગેરે અમુક જાતિની કદાપિ હિંસા નહિ કરવાનો નિયમ કરવો તેનું નામ જાતિપરિછિન્ન અહિંસા કહેવાય છે.

(૪) સમયપરિછિન્ન અહિંસા:––

સંધ્યા–દેવપૂજા–ભોજન વિગેરે સમયે માખી, મચ્છર, કીડી, પતંગીયું–વિગેરે કોઇપણ જીવની હિંસા ન કરવી એવા નિયમનું નામ સમય પરિછિન્ન અહિંસા છે. શ્રાવકો હમેશ નહાતા નથી, રાત્રે જમતા નથી, રાત્રીએ દીવો બાળતા નથી, દેવમંદિરમા વિશેષ પાણી વાપરતા નથી એનું કારણ ઉપર કહેલા જીવોની હિંસા થતી અટકાવવાનું છે. કેટલાએક લોકો અજ્ઞાનપણામાં એમ માને છે કે આપણા શાસ્ત્રામાં એ બાબત નથી પણ એ માનવું તદન ભુલ ભરેલું છે. પણ કેટલીએક હિંસા અનિર્વાર્ય છે એટલે તે હિંસા અટકાવવી અશકય છે અને એવી સૂક્ષ્મજીવોની અનીર્વાર્ય હિંસાથી પાપની નિવૃત્તિ માટે ગૃહસ્થાશ્રમીઓએ પ્રતિદિન પંચ મહાયજ્ઞ કરવા એમ આપણા શાસ્ત્રનું શાસન છે.

(૫) અપરિછિન્ન અહિંસા:–

આખી જીંદગી સુધી, કોઇપણ પ્રાણી યા જીવની કોઇપણ પ્રકારથી (એટલે કાયા–વાચા અને મન વડે) હિંસા કરવી નહિ એવો નિયમ કરી તે પ્રમાણે વર્તન કરવું તેનું નામ અપરિછિન્ન અહિંસા છે. યોગશાસ્ત્રમાં આ મહાવ્રતને સાર્વભૌમ મહાવૃત્ત (**सार्वभौम महाव्रतं**) એવું નામ આપેલું છે.

૩ પરસ્ત્રીગમન કરવું નહિ:–

પરસ્ત્રીઓનો સ્પર્શ કરવો, સૌંદર્ય દેખીને મનવડે સ્ત્રીઓ સાથે અનીતિ કરવાનો સંકલ્પ માત્ર કરવો, પ્રીતિ સંપાદન કરવા કોઇપણ ચીજ મોકલવી, એકાંત સ્થળમાં સ્ત્રીઓ સાથે વાત કરવી, તેમના ઉપર પુષ્પ ગુલાલ વિગેરે નાંખવા, અનીતિની માગણી કરવી અને કરાવવી, દ્રવ્ય આભૂષણાદિથી લલચાવવું, તેમના છોકરાંને માટે ખાવા મોકલવું પ્રીતિસૂચક શબ્દોવાળું લખાણ કરવું એ સર્વ વ્યભિચારમા ગણાય છે.

(૪) વૃદ્ધ સ્ત્રી ગમન કરવું નહિ.

"વૃદ્ધ સ્ત્રી" એટલે આપણા કરતાં વધુ વયની સ્ત્રી પુરૂષ પોતાનાથી મોટી ઉમરવાળી સાથે ગમન કરે તો તેના આયુષ્યની હાનિ થાય છે.

(૫) કન્યાગમન કરવું નહિ.

કન્યા ગમન કરવાથી કન્યા દુષિત થાય છે, આ કૃત્ય ઘણુંજ દુષ્ટ અને અધમ છે.

(૬) હસ્ત–પાદવડે વૃથા ચેષ્ટા કરવી નહિ.

નિષ્પ્રયોજન હસ્તપાદવડે ચેષ્ટા કરવાથી લોકમાં દુશ્ચેષ્ટા થાય છે, એથી લોકમાં ઉપહાસ અને અપ્રતિષ્ઠા થાય છે.

(૭) પૃથ્વી ઉપર વૃથા લીટી તાણવી નહિ.

પૃથ્વી ઉપર લીટી તાણવી એ મંગળકારક નથી અને એ ટેવ દરિદ્રતાનું ચિન્હ છે.

(૮) કોઇપણ દરમાં આંગળી કે હાથ ઘાલવો નહિ.

દરમાં હાથ ઘાલવાથી તેમાં જીવ જંતુ જેવા કે સાપ, વીંછી જો હોય તો તે કરડે છે અને તેથી મૃત્યુ થવાનો ઘણો સંભવ રહે છે.

(૯) ખરપર–ઠીકરાં–રાખોડા ઊકરડા વિગેરે ઉપર ઉભા રહેવું નહિ.

એવી જગ્યાએ ઉભા રહેવાથી શરીરના આરોગ્યને નુકસાન થાય છે અને તેથી અનિષ્ટ રોગ શરીરમાં દાખલ થાય છે.

(૧૦) વૃક્ષ ઉપર ચઢવું નહિ.

કોઇ કોઇ વૃક્ષની હવા શરીરને નુકસાનકારક હોય છે તેથી તથા તેના ઉપર પડી જવાનો સંભવ રહે છે માટે વૃક્ષ ઉપર ચઢવું નહિ.

(૧૧) વિના કારણ તૃણ કે ઝાડના પાંદડાં વિગેરે તોડવાં નહિ.

આના તાત્પર્ય માટે અહિંસા પ્રકરણ જુઓ પા. ૧૩ લોકમાં તે તણુખલા તોડક ઉપહાસમાં કહેવાય છે,

(૧૨) નાકમાં આંગળી ઘાલવી નહિ.

(૧૩) મુછો ઉપર હાથ ફેરવવાની ટેવ પાડવી નહિ. ,,

(૧૪) દાંત ખોતરવાની ટેવ પાડવી નહિ.

આ કુચેષ્ટાઓ નુકસાનકારક છે તે માટે તેવી ચેષ્ટા કદાપિ કરવી નહિ.

(૧૫) દાંતથી નખ કરડવા નહિ.

દાંતથી નખ કરડનારને શાસ્ત્રમાં નખખાદી કહેલ છે. વળી તેવા માણસને કન્યા આપવાની તેમજ સત્કર્મમાં સામેલ કરવાનો નિષેધ કહ્યો છે. તેમજ વૈદક શાસ્ત્ર પ્રમાણે નખનું ઝેર નુકસાનકારક છે. માટે તેમ કદાપિ કરવું નહિ.

(૧૬) કેશનું ચિત્ર કહાડવું નહિ.

"હરિવંશ વિષ્ણુ પુરાણ" નામના ગ્રન્થમાં લખ્યું છે કે युगान्ते संभविष्यन्ति नरा [illegible]: કલિયુગમાં

સુવર્ણ-રત્ન ઇત્યાદિવડે શરીર શણગારવાને બદલે માત્ર વાળ ચોળી ઓળી તેવડે પોતાના દેહને અલંકૃત કરશે. આ એક કુલક્ષણ છે માટે તેમ કરવું નહિ.

(૧૯) ભયસ્થાનમાં જવું નહિ.

જે સ્થળે વાઘ-સર્પ, ચોર લુટારા. વિગેરે ક્રૂર પ્રાણીઓનો ભય હોય ત્યાં કોઇએ જવું નહિ કારણ કે ત્યાં જવાથી કદાચ કોઇપણ આકસ્મિક કારણને લેઇને ખખડાટ થાય તો મનુષ્ય ભયથી ચમકી જાય છે. દાખલા તરીકે પાંદડાના હાલવાથી અગર એવા બીજા કારણને લેઇ એવા ભયસ્થાનમાં કોઇ મનુષ્ય જો ચમકે તો તેથી તેના પ્રાણની ગતિ એક નાડીમાથી બીજી નાડીમાં થાય તો તેથી ઘણું અનિષ્ટ પરિણામ આવે છે. કોઇ વખત ચિત્તભ્રમ થઇ જાય છે તો કોઇ વખત વિચિત્ર વર્તન થાય છે અને પછી અજ્ઞાન લોકો એમ ઠરાવે છે કે તેને ભૂત વળગ્યું હશે. ભૂતયોનિ છે કે નહિ અગર ભૂતયોનિનું અસ્તિત્વ માનવું કે નહિ તે સવાલમાં અમો ઉતરવા માગતા નથી પણ એટલુંજ કહેવું બસ છે કે પ્રાણી માત્ર ભૂત છે. માત્ર ભયના લીધે પ્રાણગતિ બદલાય, અને તેનું સ્મરણ હોવાથી એવો મનુષ્ય વિશેષ બોલે એટલે તેનામાં આવેશની વૃદ્ધિ થાય. પરંતુ સારો રસ્તો એ છે કે એવી બ્હીક રાખવી નહિ પણ એવી દ્રઢતા ઘણાને રહેતી નથી. માટે અમુક વૃક્ષ ઉપર ભૂત રહે છે એવી લોક વાર્તા સાંભળી હોય તો તેવા ઝાડ નીચે એકલા કવખતે જવું નહિ:કારણ કે કોઇ જાય અને પાંદડા વિગેરેના હલવાથી ભૂતનું સ્મરણ થઇ એવા અને તેથી અકસ્માત્ ભયથી ચમકાય તો પછી પ્રાણગતિ

બહલાયા વિના રહે નહિ અને પછી ભૂતનો વળગાડ ઠરે. આનું નામ ભૂત માટે એવે સ્થળે જવું નહિ.

(૧૮) મધ્ય રાત્રિએ કે મધ્ય દિને બહાર જવું નહિ.

એ વખતે વાયુમાં યોગશાસ્ત્ર પ્રમાણે સૂર્ય ચંદ્રની ગતિમાં ફેરફાર થાય છે. તે વખતના વાયુના કિરણો વિગેરે શરીરની આરોગ્યતાને હાનિકારક છે. માટે તેવે સમયે બહાર જવું નહિ.

(૧૯) અપરિચિત (અજાણી) અને અગાધ જળ વાળી નદી તરવી નહિ.

કારણ કે તેમ કરતાં દેહના નાશ થવાનો સંભવ છે.

(૨૦) માર્ગમાં ચાલતાં લાકડીથી જાનવર કે વૃક્ષાદિ ઉપર પ્રહાર કરવો નહિ.

એવું કૃત્ય કરવાથી વનસ્પતિ અને જાનવરોને પીડા થાય છે. વળી તે કુચેષ્ટા છે. માટે તેમ કરવું નહિ.

(૨૧) કુવામાં ઉતરવું નહિ.

કુવામાં પાણી નીચે પ્રાણહારક વાયુ ભેગા થવાથી અંદર ઉતરવું એ જીવને જોખમકારક છે માટે કુવાની અંદર ઉતરવું નહિ.

(૨૨) બંધ ઘર ઉઘાડી તરત અંદર પેસવું નહિ.

એવા ઘરમાં પેસવાથી ઘરની અંદર જમા થએલો ઝેરી વાયુ શરીરને ઘણોજ નુકસાન કારક છે.

(૨૩) કોઈપણ રોગિષ્ટ માણસનો અને વિશેષે કરીને ચેપી રોગવાળા દરદીનો સ્પર્શ કે સંસર્ગ કરવો નહિ.

કારણ કે એવાનો સ્પર્શ કે સંસર્ગ કરવાથી તેનો ચેપ આપણને વળગે છે અને તેથી તેનો રોગ આપણા શરીરમાં પ્રવેશ કરે છે.

(૨૪) મલિન અને દુર્ગંધીવાળા સ્થાનમાં બેસવું નહિ.

એવી જગ્યાએ બેસવાથી રોગનો વધારે ઉપદ્રવ થાય અને મલિનના સંસર્ગથી રોગ ઉત્પન્ન થાય છે માટે તેવી જગ્યાએ બેસવું નહિ.

(૨૫) સ્ત્રીઓ સાથે બેસવું નહિ.

સ્ત્રીઓ સાથે વધારે બેસવાથી પાશવવૃત્તિઓ જાગૃત થવાનો તેમજ બાયલા કહેવાનો સંભવ રહે છે માટે તેમ કરવું નહિ.

(૨૬) રાજમાર્ગ, જળાશય, દેવસ્થાન-ગામ-ધાન્ય ઉગેલું એ તર-અશ્વ-વૃક્ષ-પુષ્પવાટિકા આગળ મળ-મૂત્ર છોડવાં નહિ.

એવા સ્થળથી ચાલીશ કદમ છેટે મૂત્રનો ત્યાગ કરવો અને સો કદમ દૂર મળનો ત્યાગ કરવો એવો શાસ્ત્રનો નિર્ણય છે. પણ જો શરીરનું સ્વાસ્થ્ય ન હોય અને પરાધિનતા હોય તો મૂત્રનો ત્યાગ વીશ કદમ છેટે અને શૌચ ચાલીશ કદમ છેટે કરવો. એથી નજદીક કયારે પણ મળમૂત્રનો ત્યાગ કરવો નહિ. આ નિયમનો ભંગ કરવાથી મનુષ્ય પાપમાં પડે છે અને સાર્વજનિક આરોગ્યતાને હાનિ પહોંચાડે છે.

(૨૭) જંગલમાં એકલા જવું નહિ.

આ કૃત્ય પ્રાણહારક છે કેમકે ત્યાં કાંઈ એકાએક સંકટ પ્રાપ્ત થાય તો કોઈની સહાયતા મળે નહિ અને તેથી સંકટનું નિવારણ થઈ શકે નહિ.

(૨૮) દેવસ્થાન અગર જુની ઈમારતોના ખંડેરોમાં બહુવાર ઉભું રહેવું નહિ.

આવી શાસ્ત્રની આજ્ઞા છે. તેને માટે ઘણા કારણો હશે પરંતુ હાલમાં દેખીતી રીત્યે તે કારણો જણાતા નથી.

(૨૯) સુતેલાં માણુસને એકદમ જગાડવો નહિ.

સુતેલા માણુસને એકદમ જગાડવાથી ઇંદ્રિયોમાં પ્રાણુગતિ એકદમ વ્યાપ્ત નહિ થતાં અટકી જાય છે અને તેથી આંધળા અગર બહેરા થવાનો સંભવ છે. રૂધિરાભિસરણીમાં (એટલે લોહીના ફરવામાં) પણ તેથી દોષ ઉત્પન્ન થવાનો સંભવ છે.

(૩૦) નિંદ્રામાંથી પોતે જાગ્યો હોય તો અકસ્માત ઉઠવું નહિ.

(૩૧) મળમૂત્રનો ત્યાગ કરતી વખતે નાક, મોઢું બાંધી રાખવું અને બોલવું નહિ.

નાક—મ્હોં બાંધી નહિ રાખવાથી ઝેરી સૂક્ષ્મ જીવો નાસિકા અગર મુખદ્વારા પ્રવેશ કરી આયુષ્ય અને શરીરને હાનિ કરે છે.

(૩૨) દિવસે સ્રીસંભોગ કરવો નહિ,

(૩૩) દુષ્ટ ચેષ્ટાથી રેતોત્સર્ગ (વીર્યપાત) કરવો નહિ.

દિવસે સ્રીસંભોગ કરવાથી અપ્રજા ઉત્પન્ન થાય છે. દુષ્ટ ચેષ્ટાથી વીર્યપાત કરવાથી પ્રજોત્પત્તિનું ખરૂં સાધન નષ્ટ થાય છે અને આયુષ્યની ક્ષીણતા થાય છે. શ્રુતિ કહે છે કે **प्राणवे मस्कदंते याद्दिवा रत्या सयुज्यते**= દિવસે રતિ કરનારના પ્રાણજ સ્ખલન થાય છે. પ્રાણનું સ્ખલન થવાથી તેજ હણાય છે, ક્ષયરોગ તથા શ્વાસ રોગો થાય છે તેમજ થોડા સમયમાં નપુંસકત્વ પ્રાપ્ત થાય છે અને આયુષ્ય ક્ષીણ થઈ મૃત્યુ જલ્દીથી પમાય છે.

(૩૪) પ્રાતઃકાળમાં તડકો લેવો નહિ.

સૂર્યના કિરણો સાથે પ્રાણનો સંબંધ છે.

(૩૫) શબનો ધુમાડો લેવો નહિ.

એથી આયુષ્યની હાનિ થાય છે.

(૩૬) સંધ્યાકાળે સંચાર કરવો નહિ, પાણી પીવું નહિ. જમવું નહિ તથા સુઈ રહેવું નહિ.

કારણકે પ્રેતધૂમનો સંચાર સાયંકાળે છે.

(૩૭) રાત્રીએ દશ વાગ્યા પછી જાગવું નહિ.

કારણકે તેમ કરવાથી આયુષ્ય અલ્પ થાય છે અને શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે.

(૩૮) ખાધેલા અન્નનો પરિપાક થયા વિના સ્ત્રીસંભોગ કરવો નહિ

અન્ન પરિપાક થયા વિના સંભોગ કરવાથી અપાન વાયુની ગતિ રોકાય છે તેથી નળબંધ વાયુ થઈ મલાવરોધ થાય છે. એ રોગ ઘણો ખરાબ છે અને તેથી વળી બીજા રોગો થાય છે.

(૩૯) સૂર્યોદય વખતે સુઈ રહેવું નહિ.

સૂર્યોદય વખતે સુઈ રહેવાથી શ્વાસ–કાસાદિક રોગ ઉત્પન્ન થાય છે અને આયુષ્ય અલ્પ થાય છે માટે તેમ કરવું નહિ.

(૪૦) મરકી વિગેરે અચિકિત્સીન રોગથી પીડાતા સ્થાનમાં રહેવું નહિ અને તેવા દેશમાં જવું પણ નહિ.

(૪૧) દુર્ગંધ વાળા સ્થાન અથવા પ્રદેશમાં જવું નહિ.

તેવા સ્થળમાં જવાથી દુર્ગંધના સૂક્ષ્મ પરમાણુઓ વાયુ સાથે મિશ્રિત થઈ શરીરમાં પ્રવેશ કરે છે, કારણકે સંવહ નામક વાયુનો પ્રાણવાયુ સાથે સંબંધ છે.

(૧) આવ, પ્રવ, નિવ, પરાવ, ઉદ્વ, સંવ, પરિવ,
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭

એવા સાત જાતના વાયુ બ્રહ્માંડ ગોળક (ગોળો)ને ધારણ કરે છે. તેમજ પ્રાણાદિક દશ જાતના વાયુ શરીરને ધારણ કરે છે.

પ્રાણવાયુ મૂલાધારથી ઇડા–પિંગલા–નાડીદ્વારા પ્રાણ સૂર્ય રૂપી નાસિકા દ્વારા બહાર નીકળીને, દ્વાદશાંગુલ (બાર આંગળ) દૂર આવીને ત્યાં લય થાય છે. ત્યાંથી સહવાયુ સાથે મિશ્રિત થઇ ઉલટ ખાઇને અષ્ટઅંગુલ (આઠ આંગળ) પ્રમાણ ચંદ્ર રૂપ થઈ તેજ નાડીદ્વારા અંદર પ્રવેશે છે તેનું નામ અપાન વાયુ છે.

અગ્નિ સોમાત્મ થઇને સુષુમ્ણા નાડી–છિદ્રના આશ્રયથી બ્રહ્મરંધ્ર પર્યંત ઉર્ધ્વ (ઉચા) ગમન કરનારા વાયુનું નામ ઉદાનવાયુ છે.

ખાધેલા અન્નના સૂક્ષ્મ રસનો સર્વ શરીરમાં સરખો ફેલાવ કરી આપે છે તે વાયુનુ નામ વ્યાન વાયુ છે.

જે વાયુ હમેશાં જઠરાગ્નિનું સરખું પ્રજવલન કરે છે તેનું નામ સમાન વ યુ છે.

ઉપર બધાની મતલબ એ છે કે શરીર ગત પ્રાણવાયુ ઉપર લખ્યા પ્રમાણે બહાર નીકળી અંદર પ્રવેશ કર્યા કરે છે; તે ક્રિયા વખતે બાહ્ય વાયુ (રામંવહતિ ઇતિ, સંવહા) સમાન વાયુમાં રહેલા સુગંધી વા દુર્ગંધી પરમાણુઓ લઇને શરીરમા પ્રવેશ કરે છે તેથી દુર્ગંધીવાળા પ્રદેશમાંથી આવેલા પુષ્પાદિકનો સુગંધી કે દુર્ગંધી વાયુ આપણા શરીરમાં પ્રવેશ કરે છે માટે દુર્ગંધી સ્થાનમાં જવું નહિ.

આ વિષય યોગશાસ્ત્રને લગતો છે પણ યોગશાસ્ત્રના કેટલાએક વિષય અધ્યાત્મ સંપત્તિને લગતા છે અને તે જાણવાની જરૂર છે માટે આ સ્થળમાં તે સંબંધી લખવામાં આવ્યું છે.

ઉપર પૈકી મુદ્દાની જાણવા જોગ વાત એ છે કે બાહ્ય બ્રહ્માંડ–ગોળકને અગ્નિ તત્વાત્મક સૂર્ય, જળ તત્વાત્મક

ચંદ્ર એ બે ઉપર બતાવેલા સમ વાયુની સહાયતાથી ધારણ કરી રહ્યા છે. તેમજ પિંડરૂપ શરીરને અગ્નિ તત્વાત્મક પ્રાણ અને જળ તત્વાત્મક અપાન એ બન્ને સમાન વાયુની સહાયથી ધારણ કરી રહ્યા છે. પરંતુ આહાર વ્યહારમાં અનિયમિતપણું રહેતો સમાન વાયુનો વ્યાપાર શિથિલ થાય છે અને તેને પરિણામે જઠરાગ્નિના પ્રજ્વલનને ધોકો પહોચે છે. જઠરાગ્નિ મંદ થવાથી પ્રાણ અને અપાન વાયુની ગતિ મંદ થાય છે અગર તેમાં ફેરફાર થાય છે અને તેથી શરીરમાં રોગની ઉત્પત્તિ કરી મૃત્યુ સુધી પહોચે છે. યોગિઓ આહાર વ્યવહારના સંયમથી પ્રાણ અપાન વાયુની ગતિને કબજામાં રાખે છે અને તેથી દીર્ઘ કાળ પર્યત જીવે છે માટે દુર્ગંધીક સ્થળમાં કદાપિ જવું નહિ.

(૪૨) દુર્ગંધવાળું અન્ન કદાપિ ખાવું નહિ.

કોઇપણ ખાવાના પદાર્થનો રસ બદલી ગયો હોય. ગરિષ્ટ અને પચી શકે નહિ એવો હોય, વાશી અન્નગત રસ એટલે કે સ્વાભાવિક રસ જેનો જતો રહ્યો હોય એવો પદાર્થ ખાવો નહિ. જેમકે ખાટો થઇ ગએલો વાસી દુધપાક, એક બે દિવસ વાશી રહેલા લાડુ ખાવા, રાત્રીએ રાંધેલી દાળ સવારે ખાવી અને સવારની રાંધેલી સાંજે ઉપયોગમાં લેવી, એવું કરવું નહિ. કારણકે એવો પદાર્થ ખાવાથી તે રસનો સૂક્ષ્મ ભાગ જે શરીરનું પોષણ (આપ્યાયન) કરે છે તે એકદમ નાડીમાં ગતિ કરી શકતો નથી અને તેથી શરીરમાં ગ્રન્થી વાયુ થાય છે અને તેથી મંદાગ્નિ થઈ રોગ ઉત્પન્ન થાય છે.

ખાધેલું અન્ન શરીરમાં ગયા પછી તેના સમાન

વાયુથી પ્રદીપ્ત થયેલા જઠરાગ્નિની ક્રિયાથી અન્નના ત્રણ ભાગ થાય છે. તેનો સ્થૂલ ભાગ મળ થઈ બહાર નીકળી જાય છે. મધ્યમ ભાગ માંસનું પોષણ કરે છે અને અતિ સૂક્ષ્મ ભાગ મનને પુષ્ટિ આપે છે. એ વાત અનુભવ સિદ્ધ છે કે ઉપવાસ કરનારાના શરીરનું માંસ પોષક મધ્યમ ભાગ શરીરમાં નહિ હોવાથી શરીર સુકાઈ જાય છે. લાગલાગટ ઉપવાસ કર્યાથી મન પણ શિથિલ થઈ જાય છે. માટે માંસનું અને મનનું પોષણ કરનાર અન્ન છે. તેથી અન્નમાં સંભાળ બહુજ રાખવાની છે. દુર્ગંધવાળું અન્ન કદાપિ ખાવું નહિ. એવું અન્ન ખાવાથી બુદ્ધિ મંદ થાય છે અને માંસમાં વિકાર ઉત્પન્ન થાય છે. અને તેથી માંસગત રોગ ઉત્પન્ન થાય છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે.

એજ પ્રમાણે દુષિત જલ પીવાથી અનિષ્ટ પરિણામો આવે છે. પીધેલા જળના પણ ત્રણ ભાગ થાય છે. સ્થૂલ ભાગ મૂત્ર થઈ બહાર નીકળે છે. મધ્યમ ભાગ રૂધિરનું રક્ષણ કરે છે. અને સૂક્ષ્મ ભાગ પ્રાણનું રક્ષણ કરે છે તેનો અનુભવ એવો છે કે કોઈને શસ્ત્રાદિકનો ઘા વાગવાથી રૂધિર (લોહી) નીકળતું હોય તો તે ઉપર પાણીની ધાર કરવામાં આવે છે એથી સિદ્ધ થાય છે કે રૂધિરનું પોષક પાણી છે.

બે ચાર દિવસ અન્ન ન ખવાય તો જીવાય પણ પાણી ન મળે તો બે ઘડીમાં પ્રાણ નીકળી જાય. વળી ક્ષુધા લાગી હોય તો પાણી પીવાથી તત્કાળ તે શાન્ત થાય છે, માટે પ્રાણનો આધાર પાણી છે.

ઘી. તેલ, વિગેરે ચીકટા પ્રવાહી પદાર્થો (સ્નેહાદિક

ગુણોવાળાં પદાર્થો) અગ્નિમાં તપાવી, પાણી—છાશ વિગેરે બાળી નાંખી 'બાળી' શુદ્ધ કરીને ઉપયોગમાં લેવા. વગર શુદ્ધિએ ખાવાં નહિ. ખાધેલા સ્નેહ (ચીકટા પ્રવાહી) દ્રવ્યના ઉપર બતાવ્યા પ્રમાણે ત્રણ ભાગ થાય છે. સ્થૂલ ભાગ અસ્થિ (હાડકાંને) દ્રઢ કરે છે, મધ્યમ ભાગ અસ્થિ ઉપરની મજ્જા (ચરબી)ની વૃદ્ધિ કરે છે, અને સૂક્ષ્મ ભાગ વાણીને પુષ્ટિ કરે છે.

એજ કારણથી કોઇનાં હાડકાં ભાગ્યાં હોય એને શીરો ખવડાવે છે. ને ઉપર ઘી—તેલનો પાટો બંધાવે છે ને પાટા ઉપર તેલ નંખાવે છે. એ ઉપરથી સમજાશે કે વિકારવાળું ઘી—તેલ વિગેરે સ્નેહ દ્રવ્ય ખાવાથી હાડકા વિગેરેમાં વિકાર ઉત્પન્ન થાય છે અને ના ખવાય તો દુર્બળતા આવે છે માટે ઘી—તેલ આદિ સ્નેહ—દ્રવ્ય અવશ્યે કરીને ખાવાં પણ શુદ્ધિ કર્યા વિના કદાપિ વાપરવાં નહિં.

ઈતિ પ્રતિષિદ્ધ કાયિક કર્માનુસાશનં. સમાપ્ત.

અથ પ્રતિષિદ્ધ વાચિકકર્માનુંસાશનં

પ્રકરણ ૧ લું.

૧ કઠોર વચન બોલવું નહીં

કઠોર એટલે તમારો પુત્ર મરી ગયો છે, તમારી મિલકત કોણ ખાનાર છે. તમો અપુત્ર છો. શ્રાદ્ધ કોણ કરશે તમારૂ સત્યાનાશ જશે. વિગેરે બોલવું તેનું નામ કઠોર વચન કહેવાય. એવા શબ્દો મોટા કલહને પ્રસંગે પણ બોલવા નહીં.

૨ અસત્ય બોલવું નહીં

ન જોયું હોય અને ન સાંભળ્યું હોય અને ન અનુભવ્યું હોય તેવાં વચન બોલવાં તેનું નામ અસત્ય વચન છે. જગત્નો સર્વે લૌકિક વૈદિક વ્યવહાર વાણીમાં રહેલા છે ને તે વાણીને જે ચોરે તે જગત્ની સર્વે વસ્તુઓનો ચોરનાર થાય છે તે જેવું પાતક અને નિન્દિત બીજું કૃત્ય નથી.

૩ ચુગલી કરવી નહી.

ફલાણો માણસ તમારી બાબતમાં એમ કહેતો હતો. તમારી સ્ત્રી સાથે એકાંતમાં વાત કરતો હતો. ફલાણા રાજ્યાધિકારી સાથે ફલાણો માણસ મિત્રાચારી રાખે છે તે સ્વાર્થ સાધુ છે. વિગેરે બોલવું અને પ્રજાજનને કંઈ પણ જાતની હીલચાલ કે વર્તન રાજાને અગર રાજ્યાધિકારીઓને છાનુંમાનું કહેવું તેમજ રાજ્યાધિકારીઓના મનમાં બીજા ઉપર વહેમ ઉત્પન્ન થાય એવું આપ લાંચ રૂશ્વત લો છો એવું ફલાણો માણસ કહેતો હતો તેમજ અધિકારીઓનાં મન પ્રજા વિરૂદ્ધ બંધાય તેમ સ્ત્રી પુરૂષોમાં પરસ્પર અપ્રીતિ ઉત્પન્ન થાય સ્ત્રી પુરૂષમાં અને ગુરૂ શિષ્યોમાં અને પિતા પુત્રમાં પરસ્પર અપ્રીતિ ઉત્પન્ન થાય એવું મિત્રમાં મિત્રભેદ થાય એવું ખરૂં કે ખોટું વચન જેમકે તમારો છોકરો અમુક કૃત્ય કરે છે. ફલાણો વિદ્યાર્થી અમુક રીતે વર્તે છે. કે અમુક રીતે ભાષણ બોલે છે. તમે ફલાણાને મિત્ર માનો છો તે તમારા વિરૂદ્ધ મત ધરાવે છે વિગેરે ચુગલી કદાપિ કરવી નહીં.

૪ અસંબધ વચન બોલવું નહી.

પૂર્વ સંબંધ રહિત કંઈ પૂછ્યું હોય તેનો બીજો ઉત્તર આપવો. જેમકે આમ્રવૃક્ષ ક્યાં છે એમ કોઈ પૂછે તે આમલીનું ઝાડ આ રહ્યું વિગેરે બોલવું તેનું નામ અસંબંધ પ્રલાપ કહેવાય.

૫ અવજ્ઞાવાચક શબ્દ બોલવો નહી.

તમો હલકા કુળના છો, તમને કોઇ ચાંલ્લો કરે તેમ નથી. તમારી મા ઘંટી દળીને તમને મોટા કરેલા છે. તમારો બાપ નિર્ધન હતો તમે મુર્ખ છો વ્યસની છું અને વ્યભિચારી છું વિગેરે બોલવું કેમકે અવજ્ઞાને શાસ્ત્રમાં વધ કહેલો છે. તે વધ શસ્ત્ર વધથી પણ કઠોર છે શસ્ત્રથી ઘવાયનો પ્રાણ ઝટ જાય પણ અવજ્ઞાથી ઘવાએલો પુરૂષ જીવતા સુધી દુઃખી થાય છે. એવું ધ્યાનમાં રાખવું.

૬ દાંભિક વચન બોલવું નહીં.

હું ચાર વાગે ઉઠી નાહું છું. એક હજાર ગાયત્રી જપ કરીને સૂર્યને અર્ઘ્ય આપું છું અને સંધ્યા કર્યા વિના કદી ભોજન કરતો નથી. હું ષટ્શાસ્ત્રવેત્તા છું વિગેરે પોતે ધર્માત્મા છે અને તત્ત્વજ્ઞાની છે અને સર્વ શાસ્ત્રનો જાણનાર છે વિગેરે આત્મ પ્રશંસાનું વચન બોલવું તેનું નામ દાંભિક વચન કહેવાય છે. એવાં વચન બોલવાં નહી.

૭ અહંકાર સૂચક વચન બોલવું નહી.

મારી આગળ અમુક વિદ્વાનની શી ગણત્રી ? એ તો મારો વિદ્યાર્થી છે મેંતો, ઘણી સભાઓ જીતી છે. ફલાણો વકીલ બારીસ્ટર મારી સલાહ લેછે વિગેરે બોલવું તેનું નામ અહંકાર સૂચક વચન કહેવાય.

૮ હર્ષ સૂચક વચનબોલવું નહી.

હું મોટો કુલીન છું. ચાર હજાર રૂપીઆ મને પહેરામણી મળે છે મારે સગાંવહાલાં ઘણાં છે અ-મારાં કુળમાં મોટા મોટા વરાઓ થએલા છે મારી બરો-બરી કરનાર કોણ છે વિગેરે બોલવું તેનું નામ દર્પ છે.

૯ સામાવાળાને ક્રોધ ઉત્પન્ન થાય તેવું વચન બોલવું નહીં.

તું અશિક્ષિત છે અને આંધળો છે કુરૂપ છું વિ-ગેરે ખરૂં હોય તો પણ એવું વચન સામાવાળાને ક્રોધ ઉત્પન્ન કરનાર છે. એવું વચન હાસ્ય વિનોદમાં પણ કદી બોલવું નહીં.

૧૦ ઉદ્વેગ જનક વચન કદી પણ બોલવું નહી.

ઠીક છે. હું તારૂં કૃત્ય જાણું છું. હું તારી વલે કરીશ મનમાં શું સમજે છે વિગેરે બોલવું એનું નામ ઉ-દ્વેગ જનકવચન કહેવાય છે.

૧૧ અપ્રિય વચન બોલવું નહિ.

ખરી વાત હોય તો પણ સામાવાળાને અરૂ-ચિકર હોય કેમકે તમારી દીકરી સારી ચાલની નથી. તમારી બૈરી તમને ગાંઠતી નથી. ઘરમાં તમારૂં કંઈ ચાલતું નથી વિગેરે બોલવું તેનું નામ અપ્રિય ભાષણ છે.

૧૨ માર્મિક વચન બોલવું નહીં.

કોઇનું કંઇ ગુપ્ત અપકૃત્ય હોય તે અન્યોક્તિ-થી સૂચવવું જેમકે તમારે અમુક માણસની સંગત ન હોત તો તમે પ્રશંસાને પાત્ર થાત અર્થાત્ જેની સંગથી અપ્રતિષ્ઠાને પાત્ર થયો તેને તે વાક્ય લાગુ પડે છે, એવું ભાષણ બોલવું તેનું નામ માર્મિક વચન કહેવાય.

ઇતિ પ્રતિષિદ્ધ વાચિક કર્માનુશાસનં સમાપ્ત.

માનસિક કર્મ.

અથ પ્રતિષિદ્ધાનુશાસન એટલે મનવડે કરીને પણ અમુક કર્મ કરવાં નહીં એ સબંધી ઉપદેશઃ—

૧. મનમાં પરદ્રવ્યની અભિલાષા કરવી નહીં.

જેમકે જો અમુક માણસ મરી જાયતો તેની મિલ્કત મને મળે. અમુક માણસો દેવાળું કાઢે તો અમો ધનવાન થઇશું વિગેરે મનમાં કદાપિ ઈચ્છા કરવી નહીં.

૨. કોઇનું અનિષ્ટ ચિન્તન કરવું નહીં.

દાખલા તરીકે કોઈપણ માણસ શત્રુ હોય તો તેનો છોકરો મરી જાય, તે નિર્ધન થઈ જાય અને તેનું બુરું થઇ જાય વિગેરે ચિન્તન કરવું તેનું નામ અનિષ્ટ ચિન્તન.

૩. મિથ્યાભિનિવેશ કરવો નહીં.

મિથ્યા એટલે ખોટો અભિનિવેશ એટલે આગ્રહ કરવો નહીં. પોતાના હાથે કંઈ ન કરવાનું થઇ ગયું હોય અગર ખોટી બાબત પકડી હોય તે ખોટું જ છે એમ જાણ્યા છતાં તેનો ત્યાગ નહીં કરતાં દુરાગ્રહથી ખોટાને વળગી રહેવું તેનું નામ મિથ્યાભિનિવેષ. એવો મિથ્યાભિનિવેષ કદાપિ કરવો નહીં.

૪. દુશ્ચિન્તા કરવી નહીં.

જેમકે હું પરીક્ષામાં નિષ્ફળ થઇશ આ ધર્મ મકાનસ્થાનમાં સાપ વિગેરે રહે છે કે શું. અમારી કીર્તિ નાબુદ થશે એ વિગેરે ચિન્તા, તેનું નામ દુશ્ચિન્તા કહેવાય છે—તે કદાપિ ન કરવી.

૫. મનમાં દીનત્વ રાખવું નહીં.

હું શું ખાઇશ, મારા કુટુંબનું પાલણ પોષણ

હું શી રીતે કરીશ મારૂં કેમ થશે વગેરે હરહમેશ ચિન્તન કરવું તેનું નામ દીનત્વ છે. એમ કરવાથી ઘણા ગેરલાભ થાય છે માટે તેમ કરવું નહીં.

૬ દામ્ભિકપણું રાખવું નહીં.

હું મોટો ધાર્મિક છું મારા સરખો ધર્મનો પાળનાર કોણ છે મારા જેવો વિદ્વાન્ બીજો કોઈ નથી હું સત્યજ બોલું છું ને બીજા જૂઠું બોલે છે. કોઈપણ માણસ ભૂલ કરે તે જાણી બુજીને કરે છે ને દુષ્ટ બુદ્ધિથી કરે છે. હું તો કદી ભૂલ કરતો નથી ને શુદ્ધ બુદ્ધિથી વર્તુંછું એવું મનમાં રાખવું તેનું નામ દામ્ભિકપણું.

૭. મનમાં દર્પ રાખવો નહીં.

હું વિદ્વાન્ છું, અને ધનવાન છું, મોટા સગા વહાલાવાળો છું, એ વિગેરે ખ્યાલ હરહમેશ રાખવો તેનું નામ દર્પ કહેવાય.

૮. મનમાં વૈરભાવ રાખવો નહીં.

અમુક માણસે મારી અવજ્ઞા કરી છે માટે તેને હરેક રીતે ખરાબ કરવો એવી ભાવના મનમાં રાખવી. અને અમુક માણસ મારો શત્રુ છે માટે તેને ગમે તે રીતે ખરાબ કરીશ વિગેરે ધારણા રાખવી તેનું નામ વૈરભાવ છે.

૯. નાસ્તિકતા રાખવી નહીં.

વૈદિક કર્મનું ફળ નથી પરલોક નથી ઈશ્વર નથી એવી બુદ્ધિ રાખવી તેનું નામ નાસ્તિકતા છે.

૧૦. શોક કરવો નહીં.

શોક દુઃખમાં વૃદ્ધિ કરે છે આપણા ઉપર દુઃખ પડે ત્યારે આપણા કરતાં વધારે દુઃખી માણસોના દાખલા લઇ શોકનો ત્યાગ કરવો,

૧૧. વ્યવહારમાં લજ્જા રાખવી નહીં.

વ્યવહારમાં લજ્જા રાખવાથી પોતાનું કામ અ-ગડે છે. ધારેલું કામ થતું નથી.

૧૨. ઈર્ષ્યા રાખવી નહીં.

પારકાને ઉત્કૂર્ષ અભ્યુદય ચઢતી સહન ન થવાથી તેને હલકો પાડવા કોશેષ કરવી અથવા તે હલકો પડે તો ઠીક એવી ઇચ્છા રાખવી તેનું નામ ઇર્ષ્યા છે.

૧૩. અસૂયા કરવી નહીં.

આ માણુસ શાનો મોટો? તેની કીર્તિતો જુઓ! ફુલાણો માણુસ વિદ્વાન્ છે ખરો પણ લંપટ અને ક્રોધી છે. એ પ્રમાણે બોલી ગુણવાનના ઉપર દોષ આરોપવો તેનું નામ અસૂયા છે.

૧૪. અમાંગલ્ય ચિન્તન કરવું નહીં.

હું અકુલિન છું મને કન્યા મળશે નહીં હું અવિદ્વાન્ છું મારી લોકોમાં પ્રતિષ્ઠા નથી હું નિર્ધન છું મારા કુટુંબનું શું થશે? હું મરી જઇશ ત્યારે મારી બૈરી છોકરાં વિગેરે શું કરશે વિગરે સમજી લેવું. આવા મનમાં વિચાર કરવા તેનું નામ પ્રતિષિદ્ધ માનસિકકર્માનુ શાસન કહેવાય.

ઇતિ પ્રતિષિદ્ધ માનસિક કર્માનુ શાસનં સમાપ્ત.

પ્રકરણ ૫ મું.

અથવિહિત કાયિક કર્માનુ શાસનં.

(શરીરવડે કરવાનો શાસ્ત્રવિહિત કર્મનો ઉપદેશ).

૧ સૂર્યોદયના પહેલાં સ્નાન કરવું.
૨ સ્વવર્ણાશ્રમોચિત સંધ્યા વિગેરે નિત્ય કર્મ કરવાં.
૩ ગાયત્ર્યાદિ મંત્રનો જપ કરવો.
૪ યથાધિકાર વૈશ્વદેવાદિ હોમ કરવો.
૫ યથાશક્તિ નિત્ય દાન કરવું.

(ટીપ) દાન ચાર પ્રકારના છે. ૧. સત્પાત્રદાન ૨. દયાદાન ૩. પ્રીતદાન ૪. ભયદાન. વેદશાસ્ત્રવેત્તા સદ્વર્તની નિર્ધન અને કુટુમ્બી બ્રાહ્મણને વિધિવત્ ગંધપુષ્પાદિથી પૂજા કરી સનમાનપૂર્વક શ્રદ્ધાથી આપવું તેનું નામ સત્પાત્ર દાન કહેવાય (૧) આંધળાં, લૂલાં, રોગી, વિગેરેનું અન્નવસ્ત્રાદિથી પોષણ કરવું, ઔષધ વગેરેની મદદ આપવી તેનું નામ દયાદાન કહેવાય. (૨) દીકરી, બેન, જામાતા, ભાણેજ વિગેરેને આપવું તેનું નામ પ્રીત દાન કહેવાય (૩) અધિકારી વર્ગ કોઈ કામમાં ઉઘરાણું કરવામાં આગેવાન હોય તે કામમાં શક્તિ અને શ્રદ્ધાથી જાસ્તી રકમ આપવી પડે છે તેનું નામ ભયદાન કહેવાય(૪).

૬ ઈશ્વર ઉપાસના કરવી.
૭ વેદ, ઉપનિષદ્ ગીતા, વિષ્ણુસહસ્ત્ર નામ વિગેરેનો નિત્ય સ્વાધ્યાય કરવો.
૮ માતા, પિતા, ગુરૂ, જ્યેષ્ઠ બન્ધુ, કુલવૃદ્ધ, વિગેરેને નિત્ય વંદન કરવું.
૯ માતા પિતાની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું. તેમને કોઈ

પ્રકારે દુઃખ થવા દેવું નહીં. અને પાદસંવાહનાદિ શુશ્રૂષાથી પ્રસન્ન રાખવાં.

૧૦ વિદ્યાવૃદ્ધ, તપોવૃદ્ધ, આશ્રમવૃદ્ધ, જાતિવૃદ્ધ, માતુલ વૈવાહ્યાદિ પોતાના ઘરમાં આવે તો આસન ઉપરથી ઉઠીને ઉભા થવું ચાર ડગલાં સામે જઈને પધારો પધારો એમ સ્નેહપૂર્વક ભાષણથી આવકાર આપવો ને ઉંચા આસન ઉપર બેસાડી પોતે નીચા આસન ઉપર બેસવું. મન, નેત્ર ને મૂખ સુપ્રસન્ન રાખવાં ને યથા-યોગ્ય સંભાવના કરવી. જતી વખતે થોડે દૂર સુધી વળાવવા જવું.

૧૧ હમેશાં સદ્‌વિદ્યા અભ્યાસમાં તત્પર રહેવું.

૧૨. ત્રિવર્ગ વિષયની (ધર્મ, અર્થને કામ) પ્રજ્ઞા સમ્પાદન કરવી.

૧૩ નિત્ય સત્પુરૂષોનો સમાગમ કરવો.

૧૪ ભોજન નિયમિત વખતે અને એક સરખા નિયમ પ્રમાણે કરવું.

૧૫ હમેશાં શ્રેયના અભિવૃધ્યર્થ ઉદ્યોગ કરવો.

૧૬ ધાર્મિક અને આર્થિકાદિ કાર્યનો વખત નીમી ક્રમથી નિયમ પ્રમાણે કરવાં.

૧૭ જે કોઇ આપણા પોતાના શ્રેયસાધક કામનો આરંભ કર્યો હોય તેનું ફલ ન થાય ત્યાં સુધી નિરંતર ઉદ્યોગ ચાલુ રાખવો.

(ટીપ) ફલ પ્રાપ્તિ સુધી પ્રયત્ન કરવો તેનું નામ ઉદ્યોગ છે. જેમ કોઇ ડાંગર ખાંડવાની ક્રિયા આરંભ કરે ને બે ચાર સાંબેલાં મારીને થાકીને બેશી રહે તો ખાંડવાનો ઉદ્યોગ થયો એમ કહેવાય નહીં. કેમકે 'ખાંડવું' એ

ક્રિયાવાચક શબ્દ છે તેનો અર્થ ફોતરાં બધાં નીકળી જઈ સાફ ચોખા થાય ત્યાં સુધી ખાંડવાનું કામ શરૂ રાખવું. એમ થાય છે અર્થાત્ ક્રિયાવાચક શબ્દ માત્રનો અર્થ ફલ પ્રાપ્તિ પર્યંત છે. વચમાં છોડી દેવું એ ક્રિયા નથી.

૧૮ ઉપજના પ્રમાણમાં ખર્ચ કરવો.

(ટીપ) ખર્ચ કરવાની સમજણ એવી છે કે ઉપજ અને ખર્ચનો સરવાળો કરી ઉપજના છ ભાગ કરવા તેમાંથી ચાર ભાગથી ચાલુ ખર્ચ ચલાવવું પાંચમો ભાગ ઉપનયન વિવાહાદિ નૈમિતિક પ્રયોજન માટે સંચય રાખવો. છઠ્ઠો ભાગ આપત્ કાલના બચાવ માટે સંચય રાખવો આ પ્રકાર મહાભારતના આરણ્ય પર્વમાં (વન પર્વમાં) અગસ્ત્ય ઋષિના ધનોપાર્જન પ્રકરણમાં લખ્યો છે.

૧૯ એકાદશી, અમાવાસ્યા, અને ચતુર્દશી વગેરે પર્વણીને રોજ દેવ, ગુરૂ, સદ્વર્તની વિદ્વાન્, અગ્નિહોત્રી, બ્રાહ્મણ, આશ્રયદાતા વગેરેનાં દરશન કરવા જવું.

૨૦ રવિવાર વગેરે રજાને રોજ લોક રક્ષાર્થે અધિકારી વર્ગની મુલાકાત લેવી. શ્લોક.

दैवतान्यभिगच्छेत्तु धार्मिकांश्च द्विजोत्तमान् ।

ईश्वरं चैव रक्षार्थं गुरूनेव च पर्वसु (मनुः)

દેવ, ધાર્મિક બ્રાહ્મણ, રાજાઓ વિગેરે અને ગુરૂ એઓનાં પર્વણીને રોજ દરશન કરવા જવું એમ મનુ ભગવાન કહે છે.

૨૧ ધર્મોન્નતિના કામમાં યથાશક્તિ મદદ આપવી.

(ટીપ) अज्ञानांचैवयोज्ञानं दद्याद्धर्मोपदेशकम् ।

[illegible]त्स्ना वा पृथिवीं दद्यात्तेन तुल्यं न तत्फलं ॥

(મહાભારત).

અજ્ઞાનીને જે જ્ઞાન ઉપદેશના કામમાં મદદ કરે અગર ધર્મ ઉપદેશના કામમાં મદદ કરે તેની બરોબર જે કોઇ આખી પૃથ્વી આપે તે પણ થઇ શકે નહીં.

૨૨ સાર્વજનીક હિતના કામમાં મદદ આપવી તેજ મુખ્ય ઇશ્વરોપાસના છે.

सर्वोपकारकरणं सर्वानुग्रहणं तथा ।
सर्वाभय प्रदानं च शंभोराराधनंविदुः

સર્વનો ઉપકાર કરવો સર્વને અનુગ્રહ કરવું ને સર્વને અભયદાન આપવું એનું નામ શિવની (ઇશ્વરની) ઉપાસના છે. (સ્કંધપુરાણ, શંકરસંહિતા).

૨૩ પોતાની સાધ્વી સ્ત્રી અને નાનાં છોકરાંઓનું (અને વૃદ્ધ માતાપિતાનું) સર્વ પ્રકારે પોષણ કરવું.

वृद्धौचमातापितरौ साध्वींभार्यां शिशून्सुतान् ।
अप्यकार्यशतंकृत्वा भर्तव्यामनु ब्रवीत ॥

૨૪ જગત્ વિધાત્રી ગોમાતાનું રક્ષણ કરવું.

૨૫ સતત ઉપજ આપનાર ફલદ્રૂપ વૃક્ષ વગેરે મિલ્કતનું રક્ષણ કરવું.

૨૬ કુલધર્મ, કુલગુરૂ, અને કુલદેવનું પૂજન તથા રક્ષણ કરવું.

૨૭ સુશીલા, સુશિક્ષિત, સુકુના, સુસ્વરૂપા કન્યા સાથે લગ્ન કરવું.

૨૮ રામચંદ્રની પેઠે એક પત્નીવ્રત પાલન કરવું.

૨૯ દુઃખી પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી.

૩૦ સમાન જાતિવય વિદ્યા, ધન અને વર્તનવાળા સાથેજ મિત્રાચારી રાખવી.

૩૧ નિતિવાન્, ધર્મિષ્ઠ અને પરોપકારી પુરૂષો ઉપર પ્રેમ રાખવો.

૩૨ અનિતિવાન, અધર્મિષ્ઠ અને પરદ્રોહી એવા પુરૂષો વિષે ઉપેક્ષા રાખવી.

૩૩ પોતાનું શરીર, વસ્ત્ર, રહેઠાણુ, શય્યા વિગેરે સ્વચ્છ અને સુંદર રાખવાં.

વિગેરે બાબત વિસ્તારથી શાસ્ત્રોથી સમજી લેવી.

श्री

ॐ नमः शिवाय.

ॐ नमो गुरुभ्यः

छात्रशिक्षा.

પશ્ચિમની શિક્ષણ પદ્ધતિનો રાજ્યદ્વારા પ્રચાર થયો, અને પ્રાચીન શિક્ષણ પદ્ધતિના જાણનારાઓ અનેક કારણોથી તે શૈલી જાળવી ન શક્યા તેના પરિણામે દેશનો ધાર્મિક સ્થિતિપર ઘણું અવળું પરિણામ આવેલું જોવાથી શ્રીમજ્જગદ્ગુરૂ શારદાપીઠાધીશ્વર શ્રીમચ્છંકરાચાર્ય શ્રીમન્માધવતીર્થ સ્વામી મહારાજ તરફથી શ્રી શારદાપીઠ ચાતુર્વર્ણ્ય સર્વ વિદ્યાલય નામની સંસ્થા સ્થાપન થઈ હાલ ડાકોર ક્ષેત્રમાં ચાલે છે. ત્યાંના વિદ્યાર્થીના નિયમનને માટે તેમજ તે પ્રકારનું નિયમન ઈષ્ટ લાગે તેવી સંસ્થાઓને ઉપયોગી થવા માટે શ્રીમજ્જગદ્ગુરૂશ્રીની આજ્ઞાથી મનુ અને મહાભારતપરથી આ શિક્ષા સંક્ષેપમાં તૈયાર કરવામાં આવી છે.

સદાચાર કે ધર્મસંપત્તિ મળ્યા સિવાય એકલી વિદ્યા

માત્ર વિવાદમાંજ પર્યવસાન પામે છે. અને સદાચાર તથા ધર્મસંપત્તિ સહિત વિદ્યા ઈહલોક તથા પરલોક સબંધી પોતાનું લોકનું કલ્યાણ કરવાને સમર્થ થાય છે, માટે તે સબંધી મનુ ભગવાનની આજ્ઞાઓને પહેલાં લખીને પછી પરમગુરૂભક્ત–ગુરૂકુલવાસી શિષ્યોની વિદ્યાસિદ્ધિ કેવી થાય છે, તેને માટે ભારત આદિપર્વમાંની માત્ર ત્રણ આખ્યાયિકાઓ લખી લેખ પૂરો કરીશું.

વેદાધ્યયની પદ્ધતિ

૧ ગુરૂએ શિષ્યને ઉપનયન સંસ્કાર કરી આરંભમાં શૌચ એટલે માટી જલથી શરીરને શુદ્ધ કરવાની રીત, તથા મન=શુદ્ધિ આચાર એટલે વર્ણાશ્રમો ચિત ધર્મ. સવારે અને સાંજે અગ્નિમાં હોમ કરવાનો વિધિ તથા પ્રાતઃ, મધ્યાન્હ, અને સાયંકાળનું. સંધ્યાવંદન શીખવવું. ૨–૬૯

૨ ભણનારા શિષ્યે ભણતી વખતે સાદાં તથા ધોયેલાં વસ્ત્ર પહેરી ઉત્તર દિશા તરફ મુખ રાખી, જીતે-ય થઇ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આચમન કરવું તથા બ્રહ્માંજલિ કરી ગુરૂપાસે બેસવું અને ગુરૂએ તેવા વિદ્યાર્થીને ભણાવવો.

(વેદ ભણવાના આરંભમાં અને અંતમાં શિષ્યે નિત્ય પોતાના બે હાથ વડે ગુરૂના બન્ને ચરણનો સ્પર્શ કરવો અને બે હાથ જોડી રાખીને અધ્યયન કરવું આને બ્રહ્માંજલિ કહેવામાં આવેછે. ઉલટા હાથથી ગુરૂચરણનો સ્પર્શ કરવો એટલે કે ડાબા હાથથી ડાબા ચરણનો અને જમણા હાથથી જમણા ચરણનો. ૨–૭૦થી૭૨.)

૩ ગુરૂએ નિત્ય આળસ તજીને અભ્યાસ કરનારા શિષ્યને પ્રથમ अधीष्वभो એમ કહીને ભણાવવાનો આરંભકરવો અને પાઠ બંધ કરવો હોય ત્યારે विरामोऽस्तु એમ કહી વિશ્રાન્તિ લેવી. ૨-૭૩

૪ વેદાધ્યયનના આરંભમાં અને અંતમાં સદા ૐકારનો ઉચ્ચાર કરવો. ભણવાના આરંભમાં ૐકારનો ઉચ્ચારનથાય તો આવડતું નથી અને અંતમાં ન થાયતો ભણેલું ભૂલી જવાય છે. ૨-૭૪

૫ વેદાધ્યયન કરનાર પુરૂષે પૂર્વ તરફ જેના અગ્રભાગછે. એવા દર્ભાસન ઉપર બેશી બન્ને હાથમાં દર્ભો લઇને પવિત્ર થવું અને ત્રણ પ્રાણાયમ કરીને પવિત્ર થયા પછી વેદાધ્યયન માટે ૐકારનો ઉચ્ચાર કરીને સ્વાધ્યાયનો આરંભ કરવો. ૨-૭૫

ૐકાર એ પરબ્રહ્મ છે. પ્રાણાયામ એ મોટું તપ ગણાય છે. ગાયત્રી કરતાં ઉત્તમ બીજો કોઈ મંત્ર નથી અને મૌન રહેવા કરતા સત્યભાષણ શ્રેષ્ટ ગણાય છે. ૨-૭૬

સંધ્યાવંદન અને સ્વાધ્યાય.

૧ પ્રાતઃકાળની સંધ્યા વખતે સૂર્યનાં દર્શન થાય ત્યાં સુધી ઉભાં ઉભાં ગાયત્રીનો જપ કર્યા કરવો, અને સાયંકાળની સંધ્યા વખત નક્ષત્રો દેખાય ત્યાં સુધી બેઠાંબેઠાં ગાયત્રીનો જપ કર્યા કરવો. ૨-૧૦૧

૨ જે દ્વિજ જાતિનો પુરૂષ પ્રાતઃકાળ તથા સાયંકાળે સંધ્યાવંદન કરતો ન હોય તેને દ્વિજ જાતિનાં સર્વ

કાર્યોમાંથી દૂર કરવો (આમ છે માટે અવશ્ય સંધ્યા વંદન કરવું) ૨–૧૦૩

૩ બ્રહ્મયજ્ઞ રૂપ નિત્યકર્મ કરનારા દ્વિજે અરણ્યમાં નદીના અથવા તો તળાવના તીર ઉપર બેશી, ઇંદ્રિયોને નિયમમાં રાખી મનને એકાગ્ર કરીને (વેદ વેદાંગ વિગેરેનો સ્વાધ્યાય કરવો અને તે ન થઇ શકે તો) ગાયત્રી જપથી પણ સ્વાધ્યાય કરવો. ૨–૧૦૪

૪ માથાના સર્વ વાળ ઉતરાવેલા હોય તેવો, જટાવાળો, અગર શિખા રાખનાર બ્રહ્મચારીએ સૂર્યોદય થતાં સુધી કોઈ દિવસ સૂવું નહિ કે સૂર્યાસ્ત થતા સુધી નગરમાં રહેવું નહિ. મતલબકે તે વખતે નગર બહાર જલાશયપર જઇ પ્રાતઃ અને સાયંસંધ્યા કરવી. જો નગરમાં રહે ને સૂર્યોદય કે સૂર્યાસ્ત થાય તો તેણે ઉપવાસ કરવો, તે પ્રમાણે ઉપવાસ રૂપ પ્રાયશ્ચિત ન કરે તો તેને મહા પાપ લાગે છે. ૨૧૯થી–૨૨૧

૫ નિત્ય નાહી શુદ્ધ થઇને દેવતા, ઋષિ તથા પિતૃઓનું તર્પણ કરવું, દેવતાઓનું પૂજન કરવું. (તથા જેમને આશ્રમ બ્રહ્મચર્ય છે તેમણે વનમાંથી યજ્ઞનાં કાષ્ઠો લાવીને સમિદાધાન કરવું.) ૨–૧૭૬

સદાચાર.

૧ મદ્ય, માંસ, ચંદનાદિ સુગંધી દ્રવ્ય, પુષ્પો, રસો, સ્ત્રીઓ, સર્વ જાતના આથાઓ તથા પ્રાણીઓની હિંસા આ સર્વનો ત્યાગ કરવો. ૨–૧૭૭

૨ શરીરે તેલનું મર્દન કરવું નહિ, આંખમાં અંજન આંજવું નહિ. પગમાં પગરખાં પહેરવાં નહિ, છત્રી

ઓઢવી નહિ, કામ ક્રોધ અને લોભ કરવો નહિ તથા નૃત્ય, ગીત-અને વાદિત્રનો ત્યાગ કરવો. ૨-૧૭૮

૩ જુગાર. વૃથા વાણીનો કજીઓ, પારકી નિંદા, જુઠું બોલવું, સ્ત્રીઓને જોવી, તથા તેઓનો સ્પર્શ કરવો અને પારકાનું ભૂંડું કરવું આટલી બાબતોનો ત્યાગ કરવો. ૨-૧૭૯

૪ સદા એકલાં સુવું તથા કોઈપણ દહાડો વીર્યનો પાત કરવો નહિ. તે જો કામનાથી વીર્યપાત કરે છે તો પોતાનાં બ્રહ્મચર્ય વ્રતનો નાશ કરે છે. ૨-૧૮૦

૫ દ્વિજ બ્રહ્મચારીને પોતાની ઇચ્છા સિવાય સ્વપ્નમાં જો વીર્યપાત થઇ જાય તો તેણે નાહીને સૂર્યનું પૂજન કરવું અને " पुनर्मामे त्विन्द्रियम् " એ ઋચાનો ત્રણ વાર જપ કરવો. ૨-૧૮૧

૬ પાણીનો ઘડો, પુષ્પો, ગાયનું છાણ, માટી અને દર્ભ આટલી વસ્તુઓ ગુરૂને જેટલી જોઇતી હોય તેટલી લાવી આપવી તથા દરરોજ ભોજન માટે ભીક્ષા માગી લાવવી.

૭ પોતાના આચાર્યના કૂળમાં, સપિંડ બાંધવોને ઘેર, અને મોસાળ પક્ષમાં ભીક્ષા માગવી નહિ. પરન્તુ બીજાને ત્યાંથી નમળે તો પહેલા પહેલા ત્યાગ કરવા. ૨-૧૮૪

૮ જેમ રથમાં જોડેલા ઘોડાને સારથી તાબે રાખે છે તેમ મનને હરણ કરી જનારા વિષયોમાં ફરનારા ઇંદ્રિયોને પોતાના તાબામાં રાખવાનો યત્ન કરવો. ૨-૮૮

પાણીની પખાલના એક ભાગના છેડેથી જેમ પાણી

નિકળી જાય છે તેમ સર્વે ઇંદ્રિયોમાંથી એક પણ ઇંદ્રિય જો વિષયમાં આસક્ત થાય છે તો તે દ્વારા મનુષ્યની બુદ્ધિનો નાશ થાય છે. ૨–૯૯

માટે ઇંદ્રિયોના સમુદાયને વશ કરીને તથા મનને નિયમમાં રાખીને શુભ ઉપાયોથી જે રીતે શરીર ક્ષીણ થાય નહિ તે રીતે સર્વે અર્થોને (ધર્મ, અર્થ, કામ વગેરેને) સાધવા. ૨–૧૦૦

૯ પુરૂષોના ધૈર્યનો નાશ કરનાર મૃદુતા, હાસ્ય, સૌન્દર્ય વગેરે, ગુણો સ્ત્રીઓમાં રહેલા છે. સ્ત્રીઓની પાસે સાવધાન રહેવું. ૨–૨૧૩

પુરૂષ વિદ્વાન હોય કે અવિદ્વાન હોય પરન્તુ કામને તથા ક્રોધને વશ રહેનારા પુરૂષોને સ્ત્રીઓ આડે માર્ગે લઈ જાય છે. ૨–૨૧૪

પુરૂષે માતા, બહેન અથવા દીકરીની સાથે એકાંતમાં બેસવું નહિ, કારણકે ઇંદ્રિયોનો બળવાન્ સમુદાય વિદ્વાનને પણ મોહિત કરે છે. ૨–૨૧૫.

નમસ્કાર.

૧ જેમની પાસેથી લૌકિક (અર્થ શાસ્ત્રનું) જ્ઞાન, વૈદિક (વેદોક્ત કર્મકાંડનું) જ્ઞાન તથા અધ્યાત્મિક (બ્રહ્મજ્ઞાન) મેળવ્યું હોય તેવા ગુરૂને શિષ્યે પહેલા પ્રણામ કરવા. (જન્મથી આરંભી અંતઃકરણ વડે જે ધર્માચરણ કર્યું હોય તે સર્વ એક હાથે નમસ્કાર કરવાથી નિષ્ફળ થાય છે.) ૨–૧૧૭

૨ પોતાના કરતાં વિદ્વાન્, ગુરૂ કે વડીલની સાથે એક આસને બેસવું નહિ, પોતે બેઠા હોય અને તેમાંના કોઈ આવે તો ઉભા થઈ પ્રણામ કરવા. ૨–૧૧૯

જે મનુષ્ય નિત્ય વૃદ્ધને પ્રણામ કરે છે તથા તેમની સેવા કરે છે તેનું આયુષ્ય, વિદ્યા, યશ અને બળ એ વધે છે. ૨–૧૨૧

પોતાના ગુરૂ કે વડીલને પ્રણામ કરનારા દ્વિજે પ્રણામ કર્યા પછી હું અમુક નામનો છું એ રીતે પોતાનું નામ કહેવું. ૨–૧૨૨

૩ પોતે પ્રણામ કરીયે તો તેનો ઉત્તર સામાદ્વિજને સંસ્કૃત ન આવડવાને લીધે ન સમજતા હોય તો તેવાને તથા સ્રીને પ્રણામ કરતી વખતે " હું છું " એમ કહેવું. ૨–૨૧૩

૪ પ્રણામ કરતી વખતે પોતાના નામને છેડે भो શબ્દ બોલવો કારણ કે भो શબ્દ સામા મનુષ્યના નામના સ્વરૂપ રૂપ ગણાય છે. એમ ઋષિઓ કહે છે જેમકે अभिवादये शुभ शर्मा हमस्मि भोः ॥ ૨–૧૨૪

૫ પ્રણામ કર્યા પછી આશીર્વાદ આપનાર બ્રાહ્મણો પ્રણામ કરનારને आयुष्मान् भव सौम्य એમ કહેવું અને તે દ્વિજનાનામના અંતમાં રહેલા અકારનો અને વ્યંજનાંત નામ હોય તો તેની પહેલાંના અક્ષરનો પ્લુત ઉચ્ચાર કરવો. ૨–૧૨૫

૬ જે બ્રાહ્મણે યજ્ઞમાં દીક્ષા લીધી હોય તે બ્રાહ્મણ ઉમ્મરમાં પોતાના કરતાં નાનો હોય. તોપણ તેને નામ દઇને બોલાવવો નહિ. પરન્તુ ધર્મવેત્તા પુરૂષે " ઓ દીક્ષિતજી " એમ માનપુર્વક બોલાવવા.

૭ પારકી સ્રી અથવા જેની સાથે સબંધ ન હોય તેવી સ્રી સાથે વાત કરતી વખતે " આપ, બા, બેન, સુભગા, એમ કહીને વાતચિત કરવી.

ગુરૂભક્તિ.

૧ ગુરૂએ નિત્ય આજ્ઞા કરી હોય અથવા ન કરી હોય તોપણ બ્રહ્મચારીએ નિત્ય અધ્યયન માટે તથા આચાર્યના હિતને માટે પ્રયત્ન કરવો.

૨ શિષ્યે શરીરને, વાણીને, કર્મેન્દ્રિયને, જ્ઞાનેન્દ્રિયને તથા મનને નિયમમાં રાખી બે હાથ જોડી ગુરૂના મુખ સામુ જોઇને ઉભા રહેવું.

૩ જમણા હાથને ઓઢેલાં વસ્ત્રમાંથી બહાર કાઢીને ઊંચો રાખવો, સદાચાર પાળવો, શરીરને વસ્ત્રથી સારી રીતે ઢાંકી રાખવું અને ગુરૂ કે બેસો એટલે ગુરૂની સન્મુખ બેસવું.

૪ ગુરૂની સમીપમાં સદા સાદુ ભોજન કરવું. સાદાં વસ્ત્રો પહેરવાં અને સાદો વેશ રાખવો તથા ગુરૂના ઉઠયા પહેલાં ઉઠવું અને સૂતા પછી સૂવું.

૫ પથારીમાં સૂતાં સૂતાં, બેઠાં બેઠાં, જમતાં જમતાં, ઉભાં ઉભાં અથવા તો અવળે મોંઢે ઉભા ઉભા ગુરૂની આજ્ઞાનો અંગીકાર કરવો નહિ તથા વાતચિત પણ કરવી નહિ; પરન્તુ ગુરૂ જો આસન ઉપર બેઠા હોય તોઉભા થઇને આજ્ઞા સ્વીકારવી કે વાતચિત કરવી. ઉભા હોય કે આવતા હોય તો કેટલાંક ડગલાં તેમની સામે જઇને, અને દોડતા હોય તો પાછળ દોડીને આજ્ઞા સ્વીકારવી કે વાતચિત કરવી. ગુરૂ આડુ જોઇને ઉભા હોય તો તેમની સન્મુખ જઇને, દૂર હોય તો પાસે જઇને, સૂતા હોય કે નજીકના ભાગમાં ઉભા હોય તો પ્રણામ કરીને સરળ-

તાથી તેમની આજ્ઞાનો સ્વીકાર કરવો અથવા વાતચિત કરવી. ૨–૧૯૫થી ૧૯૭

૬ ગુરૂની સમીપમાં નિત્ય ગુરૂની શૈયા અને આસન કરતાં પોતાની શૈયા અને આસન નીચાં રાખવાં તથા ગુરૂની નજર પડતી હોય ત્યાં મરજી પ્રમાણે એટલે લાંબાપગ કરીને કે ઉદ્ધત રીતે બેસવું નહિ; પણ સભ્યતાથી બેસવું. ૨–૧૯૯

૭ ગુરૂની ગેરહાજરીમાં શિષ્યે ગુરૂને એક નામે બોલાવવા નહિ તેમ તેની ચાલ, ભાષણ તથા ચેષ્ટાના ચાળા પાડવા નહિ. ૨–૨૦૦

૮ જ્યાં આગળ ગુરૂની ખરી કે ખોટી નિંદા થતી હોય ત્યાં આગળ શિષ્યે પોતાના બન્ને કાનો ઢાંકી દેવા અથવા તો ત્યાંથી બીજે ઠેકાણે ચાલ્યા જવું. ૨–૨૦૧

૯ ગુરૂની નિંદા સાંભળવાથી અથવા કરવાથી શિષ્ય ગધેડો અથવા કૂતરો જન્મે છે. ગુરૂના ધન ઉપર આજીવિકા કરવાથી કૃમિ જન્મે છે અને ગુરૂનો ઉત્કર્ષ નહિ સહન કરવાથી જીવડો થઈને જન્મે છે. ૨–૨૦૨

૧૦ શિષ્યે ઘરમાં બેશી રહીને બીજાની પાસે ગુરૂની પૂજા કરાવવી નહિ, પરન્તુ જાતે જઈને પૂજા કરવી. પોતે ક્રોધમાં હોય ત્યારે ગુરૂની પૂજા કરવી નહિ, ગુરૂ પોતાની સ્ત્રી સાથે ઉભા હોય ત્યારે પણ તેમની પૂજા કરવી નહિ તથા પોતે ગાડીમાં કે ઊંચા આસનપર બેઠા હોય તો ત્યાંથી નીચે ઉતરીને ગુરૂને પ્રણામ કરવા.૨–૨૦૨

૧૧ ગુરૂના ગુરૂ પાસે બેઠા હોય ત્યારે શિષ્યે તેમની સાથે ગુરૂની પેઠે વર્તવું તથા ગુરૂની આજ્ઞા વિના પોતાનાં

માતા પિતા વિગેરે વડિલોને પણ પ્રણામ કરવા નહિ. ૨–૨૦૫

૧૨ વિદ્યાગુરૂઓની સાથે, પોતાના માતપિતા કાકા વિગેરેની સાથે, અધર્મ કરતાં અટકાવનારાઓની સાથે તથા હિતકર બાબતોનો ઉપદેશ કરનારાઓની સાથે ઉપર કહ્યા પ્રમાણે વર્તવું.

ઉપર પ્રમાણે જે ગુરૂસાથેનું વર્તન તેને ગુરૂશુશ્રુષા કહેવામાં આવે છે. ગુરૂશુશ્રૂષા એ ગુરૂથી મળેલી વિદ્યા સફળ થવામાં મુખ્ય સાધન છે. માટે તેની ખાસ જરૂર છે. તે જે શિષ્યમાં ન હોય તેને ભણાવવો નહિ એમ ચોખ્ખું લખ્યું છે. મનુ ભગવાન લખે છે કે—

જે શિષ્યને ભણાવવાથી ધર્મનો અથવા તો અર્થ (ધન) નો લાભ થતો ન હોય, તેમ વિદ્યાના પ્રમાણમાં સેવા (શુશ્રૂષા) પણ થતી નહોય તો ખારવાળી જમીનમાં જેમ ઉત્તમબીજ વાવવામાં આવતું નથી તેમ તેને વિદ્યા ભણાવવી નહિ. વેદ જાણનારો વેદ વિદ્યાને લઇનેજ મરી જવું એ સારૂ છે, પરન્તુ ભયંકર આપત્તિમાં પણ કુ-પાત્રમાં વિદ્યારૂપ બીજને રોપવું નહિ અર્થાત કુપાત્રને વિદ્યા ભણાવવી નહિ. વેદ વિદ્યાએ પોતે વિદ્યા ભણાવના રા બ્રાહ્મણની પાસે આવીને કહ્યુ કે " હું તારો સમૃદ્ધિ નો ભંડાર છું " તું મારી રક્ષા કર. તું ઇર્ષ્યાખોરને મને આપીશમા, તેમ કરવાથી હું તારે વિષે વધારે ઉતમ કળા આપનાર થઇને રહીશ. તું જેને પવિત્ર તથા જીતેન્દ્રિ બ્રહ્મચારી જાણે તેવા વિદ્યારૂપી ભંડારનું રક્ષણ કરનારા પ્રમાદ રહિત બ્રાહ્મણને વેદ વિદ્યા ભણાવજે.

આ પ્રમાણે જે ગુરૂ શુશ્રૂષા કરતો નથી. જે ગુરૂ

અને શાસ્ત્રની મર્યાદામાં રહેતો નથી, એવા શિષ્યને વિદ્યા ન આપવી એમ સ્પષ્ટ લખ્યું છે. હાલમાં શુશ્રૂષાની પદ્ધતિ નીકળી ગઇ છે તેનું પરિણામ એટલે સુધી આવવા લાગ્યું છે કે વિદ્યાર્થીઓ ગુરૂ મર્યાદાનું પણ ઉલ્લંઘન કરવા લાગે છે, જેથી વિદ્યાનો પરિશ્રમ કરેલો છતાં તેમને ફલ નથી. પ્રાચીનકાળમાં શિષ્યોનું ખાસ લક્ષ ગુરૂ શુશ્રૂષા તરફ રહેતું હતું અને ગુરૂઓ પ્રથમ તેમની વૃત્તિની પરિક્ષા કરતા હતા. શિષ્યની ઉંચી માનસિક સ્થિતિ, શાંતિ, ધૈર્ય, તિતિક્ષા વિગેરેની પરીક્ષા ગુરૂ કરી પછી તેમને વિદ્યાદાન આપતા હતા તે પરીક્ષામાં કેટલાક શિષ્યો એવા ઉંચા દેખાતા હતા કે જેમને ભણ્યા શિવાય અને દેવાના આશીર્વાદથી સર્વ વિદ્યા પ્રાપ્ત થતી હતી. તે સબંધમાં ભારત આદિ પર્વમાં ધૌમ્ય ઋષિના ચારૂ ઉપમન્યુ અને વેદ નામના ત્રણ શિષ્યોની આખ્યાયિકા ઘણી હૃદય ભેદક છે તે દરેક વિદ્યાર્થીને લક્ષમાં રાખવા જેવી હોવાથી આ સ્થળે ઉતારીયે છીયે.

આરૂણિ પાંચાલ્ય કથા.

ધૌમ્ય ઋષિએ એક વખત પોતાના શિષ્ય આરૂણિને આજ્ઞા કરી કે ખેતરમાં જઇને ત્યાં કયારડાનો બંધ બાંધ કે જેથી પાણી વધારે ભરાઇ જાય નહિ, તે આજ્ઞા સ્વીકારી આરૂણિ કયારડા આગળ ગયો. પણ ગુરૂએ યોગશક્તિ વડે હરકત કરવાથી તે પાણીને અટકાવી શક્યો નહિ. ત્યારે છેવટે પોતે આડો થઇને સૂતો તેથી પાણી અટક્યુ. તે પછી કેટલેક વખતે ધૌમ્ય ઋષિને સ્મરણ થતાં શિષ્યોને પૂછ્યું કે આરૂણિ કયાં ગયો ? ત્યારે શિષ્યોએ જવાબ આપ્યો કે ભગવાન આપેજ તેને કયારામાં પાણીનો બંધ બાંધવા મોકલ્યો છે; તે સાંભળી તેમણે શિ-

ચોને કહ્યું કે આપણે ત્યાં ચાલો. ત્યાં જઇને ગુરૂ ધૌમ્યે "આરૂણિ" કહી હાંક મારી કે "હે આરૂણિ ક્યાં છે" આ વચન ગુરૂનું છે એમ સમજાવ.થી આરૂણિ એ કદમ ત્યાંથી ઉભો થઈ ગુરૂના સામો આવીને ઉભો રહ્યો અને કહ્યું કે પાણીને રોધ કરવાને હું પડયો હતો, પણ આપનો શબ્દ સાંભળવાથી તે કયારડાને ચીરીને આપની આગળ આવીને ઉભો છું. તો હું આપને પ્રણામ કરૂંછું, કે શું કરવાની આજ્ઞા તે? તે સાંભળી ગુરૂ ધૌમ્ય બોલ્યા તું કયારડાને ચીરીને નીકળ્યો માટે આજથી ઉદાલક એ નામવાળો તું થઇશ. અને તેં મારી આજ્ઞાનું દુઃખ વેઠીને અવલંબન કર્યું માટે તું શ્રેય મેળવીશ. તને સર્વ વેદ અને સર્વ ધર્મશાસ્ત્રનું જ્ઞાન થશે આ પ્રમાણે કહી ધૌમ્ય ઋષિ પોતાના સ્થાને ગયા.

ઉપમન્યુની કથા.

ધૌમ્ય ઋષિએ ઉપમન્યુ નામના બીજા શિષ્યને આજ્ઞા કરી કે તું ગાયોનું રક્ષણ કર. તે પ્રમાણે તેણે ગાયો ચારી દિવસ આથમતાં ધૌમ્ય પાસે આવી નમસ્કાર કર્યો તેને પુષ્ટ જોઇને ધૌમ્ય બોલ્યા કે, "હે વત્સલ, તું શુ ખાઇને આટલો પુષ્ટ રહે છે." તેણે કહ્યું "હું ભીક્ષા માગીને ખાઉં છું." ધૌમ્યે કહ્યું "ગુરૂને નિવેદન કર્યા વગર ખાવું યોગ્ય નથી." તેણે "તેમ કરીશ" કહી ભીક્ષા માગી આણી ગુરૂને નિવેદન કરી. ગુરૂએ બધી લઇ લીધી, તો તેણે કબુલ કર્યું અને ગાયો ચારવા ગયો, દિવસે ગાયો ચારી રાત્રે ગુરૂકુળમાં આવી ગુરૂને નમસ્કાર કર્યા. ત્યારે પણ તેને પુષ્ટ જોઈ ધૌમ્યે કહ્યું કે, વત્સલ, ઉપમન્યુ હું તારી સર્વ ભીક્ષા લઈ લઉંછું તો હવે તું

શું ખાય છે? તેણે કહ્યું ભગવાન, સંપુર્ણ આપને નિવેદન કરી બીજી વખત માગી લાવી ખાઉં છું." ત્યારે ગુરૂએ કહ્યું. "એ યોગ્ય નથી. બીજી વખત તું માગે તેણી લોકોના જાણવામાં આવે તો બીજાને પણ ભીક્ષા મળે નહિ તેમ ન કરવું જોઇએ" તેણે સારૂ કહી પછી ગાયો ચારી સાંજે ગુરૂ પાસે આવી નમસ્કાર કર્યો. ત્યારે ધૌમ્યે કહ્યું—"વત્સલ, ઉપમન્યુ તારી સર્વ ભીક્ષા હું લઇ લઉંછું ફરી ભીક્ષા લેવા જતો નથી છતાં તું પુષ્ટ છે તો હવે શું ખાય છે?" ઉપમન્યું બોલ્યો—"આ ગાયોનું દૂધ પીને રહું છું" ધૌમ્ય બોલ્યા—"એ યોગ્ય નહિ. દૂધ પીવાને મારી રજા મળી નથી." તેણે તે પણ કબૂલ કરી ગાયો ચારી ફરી ગુરૂ આગળ આવી નમસ્કાર કર્યો. તેને ગુરૂ પુષ્ટ દેખી કરી પૂછયું, "તું ભીક્ષાન્ન લેતો લથી, ફરી માગતો નથી, દૂધ પીતો નથી. અને પુષ્ટ છે તો શું ખાયછે? ઉપમન્યુ બોલ્યો—"ગાયને વાછરડાં ધાવતાં જે ફેણ પડે તે તે ફેણ પીઉંછું." ધૌમ્ય બોલ્યા—"તારાપર દયાથી વાછરડાં ફેણ વધારે પાડે અને તેથી તે ભૂખ્યાં રહે માટે તે ફેણ પીવું તને યોગ્ય નથી." તેણે તે ઇચ્છા પણ કબૂલ રાખીને ગાયો ચારવા ગયો; તેણે ગુરૂ આજ્ઞા પ્રમાણે ભીક્ષા બીજીવાર ન માગી, દૂધ ન પીધું, ફેણ પણ ન પીધું, અને સખત ભૂખ લાગે ત્યારે આકડાનાં પાનાં ખાવા લાગ્યો. ખારાં, તીખાં, કડવાં અને લૂખાં આકડાનાં પાનાં ખાવાથી તેની આંખો ગઇ ને આંધળો થયો. એ પ્રમાણે અંધ થયા છતાં પણ ફરતાં ફરતાં તે એક કૂવા જેવા ખાડામાં પડયો. આ પ્રમાણે થવાથી આથંમણે તે ગુરૂ પાસે આવ્યો નહિ જેથી ધૌમ્ય શિષ્યોને

કહેવા લાગ્યા કે "ઉપમન્યુ આવતો નથી" તે બોલ્યા- "ગાયો ચારવા વનમાં ગયો છે" ધૌમ્ય બોલ્યા-મેં તે-નો સર્વ બાજુથી ખાવાનો નિષેધ કર્યો તેથી રીસાયો હશે માટે વહેલો આવતો નથી; તો આપણે શોધીયે" એમ કહી શિષ્યો સાથે વનમાં ગયા અને બોલ્યા કે હે વત્સ ઉપમન્યુ ક્યાં છે? તે ગુરૂવચન સાંભળી ઉંચેથી બોલ્યો- "આ કુવામાં પડયો છું" ધૌમ્ય બોલ્યા-"કેમ તું આ કુવામાં પડયો" તેણે ગુરૂને કહ્યું કે "આકડાનાં પાનાં ખાઈ આંધળો થવાથી આ કુવામાં પડયો." તે સાંભળી ગુરૂ બોલ્યા-"દેવના વૈદ્ય બે અશ્વિનિકુમાર તને ચક્ષુષ્માન કરે; એમ કહી ઋગ્વેદની ઋચાઓથી બન્ને અશ્વની કુ-મારની સ્તુતિ કરવા લાગ્યા.

એ પ્રમાણે અશ્વનીકુમારની સ્તુતિ કરવાથી તેઓએ પ્રસ-ન્ન થઈને કહ્યું કે, આ માલપુડો ખા તેથી આંખો સારી થશે. ઉપમન્યુ બોલ્યો "આપ ખરૂં કહોછો પણ તે ગુરૂને નિવેદન કર્યા શિવાય હું લઈ શકતો નથી." ત્યારે તેને અશ્વનિકુમારોએ કહ્યું." ગુરૂના કહેવાથી તમે સ્તુતિ કરીછે. અને તેથી અમે તમને ઔષધ આપીયે છીયે, જેથી તેમની આજ્ઞા બરાબર છે. માટે તું ખા." ઉપમન્યુ બોલ્યો." હું તો ગુરૂને નિવેદન કર્યા શિવાય ખાઈશ નહિ" ત્યારે અશ્વનિકુમારોએ પ્રસન્ન થઈને કહ્યું કે, "તારી ગુરૂ ભક્તિથી અમે પ્રસન્ન થયા છીયે. તારા ગુરૂના દાંત લોઢાના છે. પણ તારા સુવર્ણમય થશે. તું ચ-ક્ષુષ્માન્ થઈશ, જ્ઞાન મેળવીશ," આ પ્રમાણે આશીર્વાદથી ચક્ષુ મળતાં તે ગુરૂ પાસે ગયો અને નમસ્કાર કર્યા. ગુરૂએ કહ્યું કે જે પ્રમાણે અશ્વનિ કુમારોએ આશીર્વાદ

આપ્યો છે, તે પ્રમાણે ખાઓ. તને જ્ઞાન થશે અને સર્વ વેદ શાસ્ત્રોનો તારામાં પ્રકાશ થશે.

આ પ્રમાણે ઉપમન્યુની પરીક્ષા થઈ અને તેને આશીર્વાદાનુંસાર પ્રાપ્તિ થઈ.

વેદની કથા

ધૌમ્યનો ત્રીજો શિષ્ય વેદ નામનો હતો. તેને ગુરૂએ કહ્યું કે " વેદ, તું થોડો વખત શુશ્રૂષા કર—તને જ્ઞાન થશે," તેણે તે પ્રમાણે કબૂલ કર્યું અને લાંબો વખત ગુરૂકુલમાં શુશ્રૂષા કરતો રહ્યો, બળદની જગાએ ગુરૂ તેને ધુસરી જોડતા હતા. ટાઢ, તડકો, ક્ષુધા, તૃષા, વિગેરે દુઃખો તેણે સહન કર્યા ત્યારે ઘણા કાળે ગુરૂ તેનાથી સંતોષ. પામ્યા, તેમના સંતોષથી તેને જ્ઞાન અને સર્વજ્ઞતા પ્રાપ્ત થઇ.

ઉપરની વાર્તાઓથી ગુરૂ શુશ્રૂષાની કેટલી કિંમત છે. અને ગુરૂનો આશીર્વાદ શું કાર્ય બજાવે છે તે સ્પષ્ટ થશે. ત્રણેના આખ્યાનમાં સહન શીલતાની હદ થઇ ગઇ છે. ઉપમન્યુના આખ્યાનથી સમજાય છે કે ગુરૂજ પ્રસન્ન થાય છે એમ નહિ પણ દેવો પણ પ્રસન્ન થાય છે, અને આશિર્વાદ આપે છે. માટે શ્રેયાભિલાષી સર્વ વિદ્યાર્થીમાં નિશ્ચય અવશ્ય આવવો જોઇએ.

૧ શ્રીમજ્જગદ્ગુરૂ શારદા[illegible]

સ્વારીમાંથી.

૨ ડાકોર—શ્રી શારદા[illegible] વેદ વિદ્યાલયમાંથી.

૩ અમદાવાદ—શ્રીશારદાપીઠ ગુરૂ પાદુકા મંદિરમાંથી.

૪ શ્રી જગદ્ગુરૂ પાદુકાસ્વારીમાં બ્ર૦ બ્ર૦ શ્રી પૂર્ણાનંદ સ્વરૂપ મહારાજ પાસેથી.

૫ મુંબાઈ—પંડિત જેઠારામ મુકુન્દજીની દુકાનેથી.

કિં. ૦-૨-૦.